# અધ્યાત્મ-પ્રણેતા



પૂજ્ય ગુરુદેવશ્રીને...



સંપાદક મંડળ

હેમંત ગાંધી

પરમાત્મપ્રકાશ ભારિલ્લ

ભરત શાહ

પ્રદીપ કામદાર

વિજય મોદી

વિજ્ઞાપન મંડળ

ભરત જોબાલિયા

જયસુખ ખાટડીયા

હસમુખ મોદી

અશોક ડગલી

વિપુલ મોટાણી

મૂલ્ય રૂા. ૨=૦૦

મુદ્રક

મનિષ શાહ

સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ,

સોનગઢ

'સ્મારિકા'ના પ્રકાશનપ્રસંગે

## પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

# પ્રશમપીયૂષભરી પ્રસાદી

વિનંતી:—કૃપા કરી અમને બાળકોને હિતકારી ઉપદેશરૂપ પ્રસાદી આપો.

પ્રસાદી:—પૂજ્ય ગુરુદેવે કહ્યું છે તે કરવાનું છે. પૂજ્ય ગુરુદેવે જીવનમાં આત્માનું કરવાનું કહ્યું છે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે ચાલવાનો પુરુષાર્થ આ મનુષ્યજીવનની અંદર કરવાનો છે: શુદ્ધાત્માનું સ્વરૂપ સમજવું, તે શુદ્ધાત્માને ઓળખવો, તેની અંદર રુચિ કરવી. બધાથી જુદો 'આત્મા' છે, પરદ્રવ્યો પરભાવો કાંઈ સ્વભાવમાં નથી. એક જ્ઞાયકદેવને ગ્રહણ કરવો; તે જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે અને અનંત ગુણોથી ભરપૂર છે. આવો જે આત્મા છે તેને ગ્રહણ કરવાનું પૂજ્ય ગુરુદેવે કહ્યું છે, તેની સ્વાનુભૂતિ કરવાનું કહ્યું છે.

પ્રશ્ન:—અમારે બાળકોએ શું કરવું?

ઉત્તર:—દરેકે—નાના-મોટા સૌએ—એ જ કરવાનું છે. ધ્યેય તો એક જ છે, બધાએ એક જ ધ્યેય રાખવાનું છે, એક જ કરવાનું છે: જ્ઞાયકસ્વરૂપ આત્મા કેમ ઓળખાય, તે ગ્રહણ કેમ થાય, તેની સ્વાનુભૂતિ કેમ થાય. ...પૂર્ણતારૂપે પરિણમેલા ભગવંતોને સ્વરૂપની પરિણતિ પૂરી પ્રગટ થઈ ગઈ છે; સાધકદશામાં વર્તતા જીવને અંશે પ્રગટ થઈ ગઈ છે, પછી વિશેષ આગળ વધતાં વિશેષ-વિશેષ પ્રગટે છે. જેને જ્ઞાયકદેવ ગ્રહણ થયો તેને સ્વાનુભૂતિ વિશેષ-વિશેષ પ્રગટ થતી જાય છે. જેને શુદ્ધ પરિણતિ અંશે પણ નથી થઈ તેણે તે પ્રગટ કરવા પુરુષાર્થ કરવાનો છે. તે જ ધ્યેય —નિરંતર દિવસ અને રાત એક જ ધ્યેય—રાખવાનું છે, એક જ ગ્રહણ કરવાનું છે; તેને માટે જીવન આખું છે...જીવન આખું તેને અર્થે જ છે.

પ્રશ્ન:—અમારે યુવાનોએ પણ આ જ કરવાનું?

ઉત્તર:—યુવાનોએ પણ આ જ કરવાનું છે. નાના કે મોટા, દરેક

'આત્મા' છે ને? પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે બધાય—આબાળગોપાળ બધાય—આત્મા છે, ભગવાન આત્મા છે; તેને ગ્રહણ કરવાથી, તેની સ્વાનુભૂતિ કરવાથી જન્મમરણ ટળીને અંતરમાંથી—આત્મામાંથી—શાશ્વત સુખ પ્રગટે છે; આનંદનું ધામ, નિર્વિકલ્પધામ જે આત્મા છે તે પ્રગટ થાય છે, તેની પરિણતિ પ્રગટ થાય છે.

ધ્યેય તો એક જ છે. પૂજ્ય ગુરુદેવ અમૃતધારા વરસાવતા હતા; બધામાં કહેવાનું તો એક જ હતું: આત્માને ગ્રહણ કરવો; શુદ્ધાત્માને—જ્ઞાયકદેવને—ગ્રહણ કરવો; સ્વાનુભૂતિ પ્રગટ કરવી; બધાથી જુદો, વિકલ્પથી પણ જુદો એવો નિર્વિકલ્પસ્વરૂપ આત્મા છે તેને પ્રગટ કરવો.

## પુનઃ પધારજો

કહાનગુરુ ઓ! વહાલા પુનઃ પધારજો!
સીમંધર-ગણધરના સત્સંગી તમે,
આવ્યા રંકઘરે શો પુણ્યપ્રભાવ જો;
અર્પણતા પૂરી ના અમને આવડી,
લેશ ન લીધો ઉરકરુણાનો લાભ જો.......કહાનગુરુ૦

સત્યામૃત વરસાવ્યાં આ કાળે તમે,
આશય અતિશય ઊંડા ને ગંભીર જો;
નંદનવન સમ શીતળ છાંય પ્રસારતા,
જ્ઞાનપ્રભાકર પ્રગટી જ્યોત અપાર જો........કહાનગુરુ૦

અણમૂલા સુતનુ ઓ! શાસનદેવીના,
આત્માર્થીની એક અનુપમ આંખ જો;
સંત સલૂણા! કલ્પવૃક્ષ! ચિંતામણિ!
પંચમ કાળે દુર્લભ તમ દિદાર જો........કહાનગુરુ૦

ॐ

## પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રિય એવી
## નિરંતર કરવા યોગ્ય ભાવના

હું સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ છે એવો છું;
હું નિર્વિકલ્પ છું;
હું ઉદાસીન છું;
હું નિજ નિરંજન શુદ્ધ આત્માના સમ્યક્ શ્રદ્ધાન–જ્ઞાન–અનુષ્ઠાનરૂપ નિશ્ચય-રત્નત્રયાત્મક જે નિર્વિકલ્પ સમાધિ તેનાથી ઉત્પન્ન
વીતરાગસહજાનંદરૂપ સુખની અનુભૂતિ માત્ર જેનું લક્ષણ છે એવા સ્વસંવેદન-જ્ઞાન વડે
સ્વસંવેદ્ય–ગમ્ય–પ્રાપ્ય એવો ભરિતાવસ્થ (પરિપૂર્ણસ્વરૂપ) છું;
હું રાગ–દ્વેષ–મોહ,
ક્રોધ–માન–માયા–લોભ,
પાંચ ઇન્દ્રિયોનો વિષયવ્યાપાર
મન–વચન-કાયાનો વ્યાપાર,
ભાવકર્મ–દ્રવ્યકર્મ–નોકર્મ
ખ્યાતિ–પૂજા–લાભની તેમજ
દૃષ્ટ–શ્રુત–અનુભૂત ભોગોની આકાંક્ષારૂપ નિદાન–માયા–મિથ્યાત્વરૂપ ત્રણ શલ્ય
ઇત્યાદિ સર્વવિભાવ પરિણામરહિત શૂન્ય છું.
ત્રણે લોકમાં ત્રણે કાળે શુદ્ધ નિશ્ચયનયે હું આવો છું.
તથા બધાય જીવો એવા છે.
—એમ મન–વચન–કાયાથી
તથા કૃત–કારિત–અનુમોદનથી
નિરંતર ભાવના કર્તવ્ય છે.

[–સમયસાર જયસેનાચાર્યની ટીકા અને પરમાત્મ પ્રકાશની ટીકા]

## * પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવના વિરહભાવભર્યું ગીત *

[ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભક્તિપૂર્ણ હૃદયમાંથી વહેલું ]

( રાગ:—અપૂર્વ અવસર... )

ચાંદલિયા! સંદેશ દેજે ગુરુદેવને,
(શશિયર! સંદેશો દેજે ગુરુદેવને,)
વસી રહ્યા છે સ્વર્ગપુરીને ધામ જો;
વૈમાનિક સ્વર્ગે મુજ ગુરુજી બિરાજતા,
ઇંદ્ર સરીખા શોભી રહ્યા એ દેવ જો....ચાંદલિયા! ૧.

વિદેહમાં સ્વર્ગેથી ગુરુજી પધારતા,
સીમંધરદર્શનથી તૃપ્તિ અપાર જો;
વૈમાનિક-પરિષદમાં ગુરુવર-બેસણાં,
ભાવભીના ઝીલે ધ્વનિ અમૃતધાર જો....ચાંદલિયા! ૨.

સ્વર્ણપુરીનાં ધામો આ સૂનાં થયાં,
ભરતક્ષેત્રને છોડી ચાલ્યા નાથ જો;
(સ્વર્ણપુરીને છોડી ચાલ્યા નાથ જો;)
તુજ વિરહે હૃદયો ભક્તોનાં રડી રહ્યાં,
ટળવળતાં જ્યમ માતવિહૂણાં બાળ જો....ચાંદલિયા! ૩.

વિદેહક્ષેત્રે ગુરુજી! જેમ પધારતા,
તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો;
સ્વર્ણપુરે ભક્તો તુજ દર્શન ઝંખતા,
દર્શન દો, વાણી વરસાવો, નાથ! જો...ચાંદલિયા! ૪.

તુજ ચરણોમાં મનડું મુજ લાગી રહ્યું,
અંતરમાંહી લાગ્યો રંગ મજીઠ જો;
તુજ દર્શનની સેવકને નિત ઝંખના,
શ્રવણ કરાવો ચિદ્રસઝરતા નાદ જો....ચાંદલિયા! ૫.

વિમાનવાસી, દિવ્ય શક્તિધર દેવ છો,
વિધવિધ કાર્યે સમર્થ છો ગુરુદેવ! જો;
આશા પૂર્ણ કરોને ગુરુજી! દાસની,
સ્વર્ગે પધારી વર્તાવો જયકાર જો.
(આનંદમંગળ વર્તાવો ગુરુરાજ! જો.)....ચાંદલિયા! ૬.

ભરતે એક અજોડ રતન ગુરુજી! તમે,
અંતર ઊછળ્યાં શ્રુતસાગરનાં પૂર જો;
સ્વર્ગે નિત ગુરુમુખથી અમીવર્ષા થતી,
પંચમ કાળે પરાક્રમી ભડવીર જો....ચાંદલિયા! ૭.

ગુણમૂર્તિ અદ્ભુત શ્રુતધર ગુરુદેવ! છો,
ચિંતામણિ સમ ચિંતિત ફળ દાતાર જો;
મંગળતામય શીતળ તારી છાંયડી,
સત્ય ધરમના આંબા રોપ્યા નાથ! જો....ચાંદલિયા! ૮.

ગુરુજી તારા પડ્યા વિરહ વસમા ઘણા,
તારણહાર થયા નયનોથી દૂર જો;
સેવકને છોડી ગુરુજી ચાલ્યા ગયા,
અંતરમાં તો નિત્ય બિરાજો નાથ! જો....ચાંદલિયા! ૯.

ભવભવમાં હો તુજ ચરણોની સેવના,
અનંત-ઉપકારી ભાવી ભગવંત જો;
શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્યે રહેશું દેવ-ગુરુની સાથ જો....ચાંદલિયા! ૧૦.

# ગુરુભક્તિ

[ પૂ. શાંતાબેન ]

( ગઝલ : રાગ )

અહો ગુરુ ભાનુ ભારતના અંધારા જગતમાં કીધા,
વીત્યા માસ આઠ તોયે ના દર્શન અમને જરા દીધા. ૧

સ્વાનુભૂતિથી ઝળકેલા ચૈતન્ય તેજેથી ચમકેલા,
આતમ તેજથી દીપેલા ગયા ક્યાં કહાનગુરુ વ્હાલા. ૨

હિંદમાં ગુરુ હતા મોટા જડે નહિ ક્યાંય તુજ જોટા,
ગુરુ વિરહા પડ્યા મોટા જઈને સ્વર્ગમાં બેઠા. ૩

ગુરુ તમે જ્ઞાન ગંભીરા ઉછળ્યા શ્રુતના દરિયા,
અચિંત્ય ગુણથી ભરિયા સેવક તુમ ભક્તિના રસિયા. ૪

ગુરુનું નામ અમર હોજો ગુરુનું ધામ અમર હોજો,
તમારી સાધના જ્યાં હો અમારો વાસ ત્યાં હોજો. ૫

ગુરુ ગુરુ ઝંખના થાએ ગુરુ વિન ચેન ના પાએ,
ગુરુ વિન રાત-દિન જાએ મળીશું શાશ્વતા ધામે. ૬

ચૈતન્ય આનંદ દેનારી જ્ઞાયક સાક્ષાત્ કરનારી,
પ્રજ્ઞાછીણીમાં જ રમનારી અહો ગુરુ કહાનની વાણી. ૭

ચૈતન્ય તલ સ્પર્શતી વાણી સેવકને પાય છે પાણી,
મુમુક્ષુને મુગ્ધ કરનારી જયજય ગુરુકહાનની વાણી. ૮

મુનિવર મહિમા ગુરુ ગાતા સંયમની ભાવના ભાતા,
જિનેશ્વર મારગે જાતા થશે ગુરુ ધ્યાનના ધ્યાતા. ૯

ગુરુવર બોધને પામી દૃષ્ટિ ચૈતન્યમાં જામી,
શાશ્વત એ ધામને પામી થશું આનંદના ધામી. ૧૦



મુક્તિપુરીના પથિક શ્રી કહાનગુરુદેવનો
જય હો... વિજય હો... ત્રિકાળ જયવંત હો...

ॐ

# સહજ ચિદાનંદ.

પરમ પારિણામિક ભાવ છું

કારણ પરમાત્મા છું

કારણ જીવ છું

શુદ્ધ ઉપયોગોહં

નિર્વિકલ્પોહં

# અધ્યાત્મ-પ્રણેતા

**અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન**

( બૃહદ મુંબઈ શાખા )

૧૭૩/૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦૦૦૨



કહાન ગુરુવાણી, અનુપમ અમી સમી છે;
ગુણરત્ન કેરી ખાણી, બુધ માનસે રમી છે.



હે નિત્યાનંદ ભોજી પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવ !
ભાવતા ભોજન ભાણે પીરસીને આપ ક્યાં ચાલ્યા ગયા ?



જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
તે શ્રી કહાન ગુરુવર મનમંદિરે પધારજો રે...

## સંપાદકીય........

ભૌતિકતાના ઝગમગાટમાં દિગ્ભ્રમિત થઈ જનાર લક્ષ્મી-ઉપાસકોની આ નગરી મુંબઈ ઉપર પૂ. ગુરુદેવશ્રીની મહત્તી કરુણા હતી. તેઓશ્રીએ ભવ્ય જીવોનું ધ્યાન આ ચંચલ લક્ષ્મીથી હટાવીને મોક્ષલક્ષ્મીની તરફ આકર્ષિત કર્યું હતું.

પૂ. ગુરુદેવશ્રીને દર વર્ષે અમે અમારી વચ્ચે પામીને તેઓશ્રીની અમૃતવાણીનું પાન કરતા હતા અને તેઓશ્રીની મંગલ જન્મ-જયંતિ હર્ષોલ્લાસપૂર્વક મનાવતા હતા. હજી ગયા વર્ષની જ તો વાત છે કે કમલના આસન ઉપર બિરાજમાન પૂ. ગુરુદેવશ્રીના ચરણોમાં તેઓશ્રીના ૯૧ મા જન્મ-જયંતિ મહોત્સવ પ્રસંગે હજારો મુમુક્ષુઓની સાથે અમે પણ અમારા શ્રદ્ધા-સુમન સમર્પિત કર્યાં હતા અને તે જ અવસર ઉપર પૂ. ગુરુદેવશ્રીએ 'અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન-બૃહદ મુંબઈ શાખા'નું ઉદ્ઘાટન ધ્વજારોહણ કરીને કર્યું હતું.

પૂ. ગુરુદેવ આપણા ચર્મચક્ષુને માટે અદૃશ્ય થઈ ગયા છે, પરંતુ આપણા મન મસ્તિષ્કમાં તેઓશ્રી આજે પણ વિદ્યમાન છે. જેવા આપણે જગતથી નજર હટાવીને આપણું ધ્યાન તેઓશ્રી તરફ કેન્દ્રિત કરીએ છીએ ત્યાં જ તેઓશ્રીનો 'ભગવાન આત્મા'નો પોકાર સંભળાય છે.

અમ મુમુક્ષુઓના શ્રદ્ધા-સુમનને અલિપ્તભાવથી સ્વીકાર કરવાવાળા ચરણામ્બુજ આજે આપણી વચ્ચે નથી. તેથી, અમારા હૃદયમાં ઉમટી રહેલા કૃતજ્ઞભાવોને આ સ્મારિકાના રૂપમાં સંગ્રહિત કરવાનો ખ્યાલ 'અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશને' કર્યો છે. અને તેના ફળરૂપે આ સ્મારિકા પ્રકાશિત થાય છે.

જે અધ્યાત્મ-ભાગીરથીને પૂ. ગુરુદેવશ્રીએ આ પવિત્ર ધરા ઉપર ઉતારી છે તેને દરેક મુમુક્ષુના હૃદય સુધી પહોંચાડવાને માટે અમો પ્રયત્નશીલ છીએ. અને તેમાં વડિલોનો પણ પૂર્ણ સાથ-સહકાર મળે છે તે માટે અમો તેઓના આભારી છીએ. આ સ્મારિકામાં લેખો આપનાર વિદ્વાન પંડિતો અને યુવાન ભાઈ-બહેનો તથા જાહેરાત આપીને મદદરૂપ થનાર મુમુક્ષુઓના પણ અમો આભારી છીએ. સ્મારિકાનું છપાઈ કામ સુંદર રીતે કરવા બદલ સુમતિ પ્રિન્ટિંગ પ્રેસના માલિકોનો પણ અમો આભાર માનીએ છીએ.

સ્મારિકા પ્રકાશિત કરવાનો આ અમારો પ્રથમ પ્રયાસ છે. તેથી કોઈ ભૂલ રહી ગઈ હોય તો ક્ષમાપ્રાર્થી છીએ. અમ યુવાનોને આધ્યાત્મિક યુવાની પ્રાપ્ત કરવાની પ્રેરણા આપનાર પૂ. ગુરુદેવશ્રીના ચરણોમાં કોટિ-કોટિ વંદન.

સંપાદકગણ

અષાઢ સુદ આઠમ
કહાન સંવત-૧

'અધ્યાત્મ-પ્રણેતા'
અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન, બૃહદ મુંબઈ શાખા.

## અંતર-દર્શન

# ગુજરાતી ખંડ


| | | |
|---|---|---|
| ૧ અને તેમનું દાસત્વ નિરંતર હો | પૂ. બહેનશ્રી ( વચનામૃતમાંથી ) | ૧ |
| ૨ સોનગઢની ચિન્મય ભવ્ય દિવ્યમૂર્તિ | પૂ. સોગાનીજી ( દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાંથી ) | ૪ |
| ૩ ગુરુજીની જોડ જગે નહીં જડે રે લોલ | સ્વાધ્યાય સંચય ઉપરથી | ૮ |
| ૪ ગુરુતત્ત્વ આરાધતા | 'શ્રીમદ્ રાજચંદ્ર' માંથી | ૧૦ |
| ૫ પરમાગમ સાર | પૂ. ગુરુદેવશ્રીએ લખાવેલા સિદ્ધાંતો | ૧૧ |
| ૬ અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે | પૂ. ગુરુદેવશ્રીએ લખાવેલી નોંધ | ૧૪ |
| ૭ શક્તિઓ | પૂ. ગુરુદેવશ્રીએ શોધી કાઢેલી શક્તિઓ | ૧૫ |
| ૮ નિત્યક્રમ | પૂ. ગુરુદેવશ્રીની દિનચર્યા | ૧૬ |
| ૯ શ્રી પ્રણવમાહાત્મ્ય | — | ૧૯ |
| ૧૦ પંચકલ્યાણક-પ્રતિષ્ઠાઓ | — | ૨૨ |
| ૧૧ વેદી–પ્રતિષ્ઠાઓ | — | ૨૪ |
| ૧૨ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની જન્મ-જયંતિ | — | ૨૬ |
| ૧૩ સુવર્ણપુરીમાં | — | ૨૮ |
| ૧૪ ગુરુદેવ કહે છે કે | પૂ. સોગાનીજી ( આધ્યાત્મિક પત્રોમાંથી ) | ૩૦ |
| ૧૫ દિવ્ય પુરુષની દિવ્યવાણી | પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી સંકલિત | ૩૪ |
| ૧૬ સ્વપ્ના | પૂ. ગુરુદેવશ્રીને આવેલ સ્વપ્નાઓ | ૩૮ |
| ૧૭ એક જ | — | ૪૧ |
| ૧૮ સૂરજ ડૂબી ગયો | 'કમલ' રમેશ પી. શાહ | ૪૨ |
| ૧૯ આનંદી આતમરામ | રતીલાલ નાગરદાસ | ૪૩ |
| ૨૦ સુખ બીજે શોધીશમાં | મંગળાબેન શેઠ | ૪૫ |
| ૨૧ શ્રદ્ધા-અંજલિ | મુ. રામજીભાઈ દોશી | ૪૬ |
| ૨૨ જૈનદર્શનની પરાકાષ્ઠા | મુ. લાલચંદભાઈ મોદી | ૪૭ |
| ૨૩ ઉપકૃતભાવભીની વંદના–આપણા જીવન-શિલ્પીને | મુ. હિંમતભાઈ શાહ | ૪૮ |
| ૨૪ પ્રથમ અનુભવ | મુ. શશીભાઈ શેઠ | ૫૪ |
| ૨૫ શ્રદ્ધાંજલિ | મુ. ખીમચંદભાઈ શેઠ | ૫૬ |
| ૨૬ વીતરાગમાર્ગના પ્રબળ પ્રચારક | મુ. બાબુભાઈ મહેતા | ૫૮ |
| ૨૭ ગુરુજીનો સાંભરે રે સથવારો | બ્ર. ચંદુભાઈ જોબાળિયા | ૫૯ |
| ૨૮ સોનગઢના આસ્રવનમાં ચારિત્રભાવના | બ્ર. હરિભાઈ જૈન | ૬૦ |
| ૨૯ અમ યુવાનોના તારણહાર | મુ. પ્રાણભાઈ કામદાર | ૬૩ |

| | | |
|---|---|---|
| ૩૦ ગુરુદેવને ભૂલશો નહીં | સ્વાધ્યાય સંચય ઉપરથી | ૬૪ |
| ૩૧ સદ્ગુરુ સાંભળો રે | ” | ૬૫ |
| ૩૨ ભક્તિ વંદના | રસીકભાઈ ડગલી | ૬૬ |
| ૩૩ નાવિક-ગુરુ કહાન | સુમનભાઈ શેઠ | ૬૮ |
| ૩૪ ચૈતન્ય-રત્નાકર | ચંપકભાઈ જૈન | ૭૧ |
| ૩૫ ભગવાન ચાલ્યા ગયા | કુસુમબેન દોશી | ૭૩ |
| ૩૬ શ્રદ્ધાંજલિ | વસંતભાઈ શાહ | ૭૪ |
| ૩૭ ગુરુદેવ | વાસંતીબેન ભાયાણી | ૭૬ |
| ૩૮ છેલ્લી જાત્રા | ‘ કમલ ’ રમેશ શાહ | ૭૭ |
| ૩૯ સ્મરણ તમારા શા કરું ? | સ્વાધ્યાય સંચય ઉપરથી | ૭૮ |
| ૪૦ એકવાર તો દર્શન દ્યો | ભરત શાહ | ૭૯ |
| ૪૧ પૂ. ગુરુદેવશ્રીની શીતળ છાંયા | ભરત જોબાળિયા | ૮૧ |
| ૪૨ ભક્તિ-પુષ્પ | વિપુલ મોટાણી | ૮૨ |
| ૪૩ આપણી જવાબદારી | હસમુખ મોદી | ૮૫ |
| ૪૪ કરુણાસાગર ધર્મપિતા | જયસુખ ખાટડીયા | ૮૬ |
| ૪૫ વિરલ પુરુષની અંતિમ વિદાય | સતીશ જૈન | ૮૭ |
| ૪૬ અમૂલ્યજ્ઞાન દાતા | અતુલ ગાંધી | ૯૧ |
| ૪૭ સીમંધર દૂત | વિજય મોદી | ૯૨ |
| ૪૮ સમજાય છે કાંઈ | રાજેશ શાહ | ૯૪ |
| ૪૯ ગુરુવર ચાલશું તમ પંથે | વિપુલ મોદી | ૯૫ |
| ૫૦ સમ્યક્ વંદન | દિપક ગોસળીયા | ૯૬ |
| ૫૧ મીઠાં મેહુલા | સ્વ. તલકચંદભાઈ ભાયાણી | ૯૭ |
| ૫૨ ચરણ કમલમાં વંદન વારંવાર | — | ૯૮ |
| ૫૩ આ દાસના જીવન-શિલ્પી | રમેશ શાહ | ૯૯ |
| ૫૪ ચૈતન્ય-ચિંતામણિ | સોનલ ધોળકિયા | ૧૦૨ |
| ૫૫ આત્માને જાણવો | હિતેન મોટાણી | ૧૦૩ |
| ૫૬ યુગસ્રષ્ટા | દિલીપ મોદી | ૧૦૪ |
| ૫૭ અતિ પુણ્ય ઉદય મમ આયા | નિશિકાંત ભાઉ | ૧૦૫ |
| ૫૮ દિવ્યધ્વનિ દાતાર | હસમુખ શેઠ | ૧૦૬ |
| ૫૯ યુગપુરુષ | સતીશ શાહ | ૧૦૭ |
| ૬૦ સ્મરણાંજલિ | દીપક દોશી | ૧૦૮ |
| ૬૧ શ્રદ્ધા સુમન | જાગૃતિ ધોળકિયા | ૧૧૦ |

૬૨ ગુણસાગર કલ્પના શેઠ ૧૧૦
૬૩ ઉપકારી ગુરુ જતીન ઠગલી ૧૧૧
૬૪ આવું ન કરીયેજી સ્વાધ્યાય સંચયમાંથી ૧૧૩
૬૫ ગુરુ તુજ ચરણ આશ્રયથી ,, ૧૧૩
૬૬ કહાન–વારસ ,, ૧૧૪


* * *

# हिन्दी खंड


१ आज वे नहीं हैं, पर डॉ. हुकमचन्द भारिल्ल ११५
२ कानजीस्वामी : बहुआयामी व्यक्तित्व पं. रतनचन्द भारिल्ल ११६
३ दोज का चांद : अध्यात्म–दिनकर परमात्मप्रकाश भारिल्ल ११९
४ चैतन्यमूर्ति गुरु कहान कैलाश जैन 'अचल' १२१
५ गुरु कहान श्रीयांस सिंघई १२२
६ अध्यात्मके मसीहा भानु जैन १२३
७ अमर तुम्हारी गाथा है विनोदकुमार 'चिन्मय' १२६
८ अध्यात्म-मार्गदर्शक नरेन्द्रकुमार जैन १२८
९ अध्यात्म-कोहनूर कैलाशचन्द मलैया १२९

❀ ❀ ❀

અને છેલ્લે........અમારી વાત ૧૩૩


❀ ❀ ❀

# જાહેરાત ખંડ

# અને તેમનું દાસત્વ નિરંતર હો....

**( પરમ ઉપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિભાવ પૂર્વક બોલાયેલા આ વાક્યો 'બહેનશ્રીનાં વચનામૃતમાંથી' ચૂંટવામાં આવ્યા છે. )**

( શ્રી પૂજ્ય બહેનશ્રીએ વચનામૃતમાં માત્ર તત્ત્વજ્ઞાન જ નથી આપ્યું પણ ઉપકારી ગુરુ પ્રત્યે કેવી ભક્તિ–કેવો વિનય હોય તે પણ શીખડાવ્યું છે. )

૧ પૂજ્ય ગુરુદેવે બતાવેલા ચૈતન્યશરણને લક્ષગત કરીને તેના દૃઢ સંસ્કાર આત્મામાં પડી જાય—એ જ જીવનમાં કરવા જેવું છે.

૨ ગુરુદેવને વાણીનો યોગ પ્રબળ છે; શ્રુતની ધારા એવી છે કે લોકોને અસર કરે ને 'સાંભળ્યા જ કરીએ' એમ થાય. ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે.

૩ ગુરુદેવને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. વાણીનો પ્રભાવ એવો છે કે હજારો જીવો સમજી જાય છે. તીર્થંકરની વાણી જેવો જોગ છે. વાણી જોરદાર છે. ગમે તેટલીવાર સાંભળીએ તોપણ કંટાળો ન આવે. પોતે જ એટલા રસકસથી બોલે છે કે જેથી સાંભળનારનો રસ પણ જળવાઈ રહે છે, રસબસતી વાણી છે.

૪ આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

૫ પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર–બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્‌તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું કયું સદ્‌ભાગ્ય હોય? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ–મરણ ટળી જાય–એવી અદ્‌ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે!

૬ પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે. તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો, રુચિ વધારતા જવી.

૭ ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે. ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.

૮ સંસારથી ભયભીત જીવોનો કોઈ પણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે. ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈ પણ વાતમાં તેને શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે.

૯ પૂજ્ય ગુરુદેવે મોક્ષનો શાશ્વત માર્ગ અંદરમાં દેખાડ્યો છે, તે માર્ગે જા. ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં ગુરુનાં વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે.

૧૦ અહો! અમોઘ–રામબાણ જેવાં–ગુરુવચનો! જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે, સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અવસર ચૂકવા જેવો નથી.

૧૧ પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે, તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય? ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે. પરમ–ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે. પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો.

૧૨ ગુરુના હિતકારી ઉપદેશના તીક્ષ્ણ પ્રહારોથી સાચા મુમુક્ષુનો આત્મા જાગી ઉઠે છે. આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે.

૧૩ વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે. આત્માર્થીને શ્રીગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે.

૧૪ પૂજ્ય ગુરુદેવનો આ પ્રમાણે જ ઉપદેશ છે, શાસ્ત્રો પણ આમ જ કહે છે, વસ્તુસ્થિતિ પણ આમ જ છે.

૧૫ પૂજ્ય ગુરુદેવે તો આખા ભારતના જીવોને જાગૃત કર્યા છે. સેંકડો વર્ષોમાં જે ચોખવટ નહોતી થઈ એટલી બધી મોક્ષમાર્ગની ચોખવટ કરી છે. નાના નાનાં બાળકો પણ સમજી શકે એવી ભાષામાં મોક્ષમાર્ગને ખુલ્લો કર્યો છે. અદ્‌ભુત પ્રતાપ છે.

૧૬ જે મોક્ષનો અર્થી હોય, સંસારથી જેને થાક લાગ્યો હોય, તેના માટે ગુરુદેવની વાણીનો ધોધ વહી રહ્યો છે જેમાંથી માર્ગ સૂઝે છે.

૧૭ તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈનધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે યુક્તિ–ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય–વ્યવહાર, આત્માનું

શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઇત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમ કાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે, ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમનાં ચરણ કમળની સેવા અંતરપટમાં વસી રહો.

૧૮ ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્યભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પેંથીએ પેંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું કરીને બધું સમજાવે છે. ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને તૈયાર કરીને આપે છે કે 'લે, ખાઈ લે.' હવે ખાવાનું તો પોતાને છે.

૧૯ ગુરુદેવે શાસ્ત્રોનાં રહસ્યો ઊકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું,' 'જ્ઞાયક છું'–ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓશ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હમેશાં ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવાયોગ્ય નથી.

૨૦ આવા સાતિશય જ્ઞાનધારી ગુરુદેવ અને તેમની પુરુષાર્થપ્રેરક વાણીના શ્રવણનો યોગ અનંત કાળે મહાપુણ્યોદયે પ્રાપ્ત થાય છે, માટે પ્રમાદ છોડી પુરુષાર્થ કર. બધો સુયોગ મળી ગયો છે. તેનો લાભ લઈ લે. સાવધાન થઈ શુદ્ધાત્માને ઓળખી ભવભ્રમણનો નિવેડો લાવ.

૨૧ ગુરુદેવ પોકારીને કહે છે કે જ્ઞાયકનો આશ્રય કરી શુદ્ધ પરિણતિ પ્રગટ કર. તે જ એક પદ છે, બાકી બધું અપદ છે.

૨૨ પૂજ્ય ગુરુદેવે માર્ગ બતાવ્યો છે; ચારે પડખેથી સ્પષ્ટ કર્યું છે.

૨૩ શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે, તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો.

# સોનગઢની ચિન્મય ભવ્ય દિવ્યમૂર્તિ........

**(નિશ્ચયપૂર્વકનો વ્યવહાર કેવો હોય એટલે કે નિશ્ચય સદ્ગુરુની ઉપાસનાપૂર્વક બાહ્યમાં ઉપકારી ગુરુ પ્રત્યે ઉપકારવશતાથી કેવા ભાવો હોય છે તે પૂ. સોગાનીજીએ સમજાવ્યું છે. આ વાકયો 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી ચૂંટવામાં આવ્યા છે).**

૧ "અહો! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, તે ભાવ પણ નુકશાન કર્તા છે" આ વાત કહેવાની કોની તાકાત છે? એ તો ગુરુદેવનું જ સામર્થ્ય છે.

૨ અનંત તીર્થંકરો થઈ ગયા. પરંતુ અમને તો ગુરુદેવશ્રી બધાથી અધિક છે. જેમ પોતાને ધનની જરૂરત હોય અને કોઈ લખપતિ પોતાની જરૂરત અનુસાર ધન આપે, તો તે પોતા માટે બીજા કરોડપતિથી પણ અધિક છે. તેમ ગુરુદેવશ્રી અમારા માટે તીર્થંકરથી પણ અધિક છે, જેનાથી અમારૂં હિત થયું છે.

૩ બધી વાતનો ગુરુદેવશ્રીએ મસાલો તૈયાર કરી રાખ્યો છે, તેથી કોઈ વાત વિચારવી પડતી નથી, નહિ તો, સાધક હોય તોપણ મસાલો તૈયાર કરવો પડે છે.

૪ પૂ. ગુરુદેવશ્રીએ એટલું પ્રસિદ્ધ કરી દીધું છે કે કોઈ ખામી રહી નથી, પૂરેપૂરો સૂક્ષ્મ ખુલાસો કર્યો છે.

૫ ગુરુદેવશ્રીના ઉપદેશમાં એટલો ખુલાસો છે કે આમૂળથી ધર્મ પંચમકાળ સુધી ટકશે, તેમ દેખાય છે.

૬ પૂ. ગુરુદેવશ્રીએ કેવો વસ્તુસ્વભાવ સ્પષ્ટ કરી દીધો છે! તે તો તૈયાર કરેલો શીરો છે. આપણે તો સીધો ખાઈએ છીએ, નહીં તો અમારી તો શાસ્ત્રમાંથી કાઢવાની એટલી શક્તિ નથી.

૭ ગુરુદેવશ્રીની સિંહગર્જના એવી છે કે બીજાને નિર્ભય બનાવી દે છે, અને જંગલના સિંહની ગર્જના તો બીજાને ભયવાન બનાવે છે, તેથી આ સિંહમાં ઘણો ફરક છે.

૮ અહીં તો મહારાજ સાહેબે ભૂમિકા તૈયાર કરી દીધી છે. બસ, હવે તો થોડું સુખનું બીજ વાવી દેવું, જેથી મહા આનંદ થાય.

૯ પૂ. ગુરુદેવશ્રી અમારા માટે અનંત તીર્થંકરથી અધિક છે. કારણ કે અમારું કાર્ય થવામાં નિમિત્ત થયા તેથી. બીજું તેમણે એ બતાવ્યું કે ભાઈ! તું સિદ્ધ તો શું! સિદ્ધથી પણ અધિક છો. અનંત સિદ્ધ પર્યાય જ્યાંથી સદાય નીકળતી રહે એવો તું છો. એવું ઉત્કૃષ્ટ વાચ્ય પૂ. ગુરુદેવશ્રીએ બતાવ્યું.

૧૦ એટલો એટલો ખુલાસો અહીંથી ( પૂ. ગુરુદેવશ્રીથી ) બહાર આવી ચૂક્યો છે કે પંચમ આરાનાં અંત સુધી ચાલશે.

૧૧ આજે મહારાજ સાહેબનો યોગ મળ્યો છે—તે પરમ યોગ છે, કેમકે પરમ સ્વભાવની પ્રાપ્તિનું કારણ છે. મહારાજ સાહેબ જગદ્‌ગુરુ છે. તેઓ એકલા સિદ્ધલોકમાં જતા નથી, ઘણા જીવોને સાથે લઈને જશે. અહીંના અધિકાંશ લોકો સાથે જવાવાળા છે.

૧૨ અધ્યયન આદિનું પૂરતું રહસ્ય પૂ. ગુરુદેવ પાસેથી અમને તો મળી ગયું છે. ક્રમબદ્ધપર્યાય ક્યાં લખ્યું છે એની અમારે શું દરકાર છે? સિદ્ધાંત બેસી ગયો અને અનુભવમાં આવી ગયો, પછી શું કામ? એ રીતે મહારાજ સાહેબની બધી વાતો અમને તો તૈયાર મળી ગઈ છે. જેવી રીતે પિતાની કમાયેલી મૂડી વારસામાં વગર પ્રયત્ને મળી જાય!

૧૩ હું તો મહારાજ સાહેબને શુદ્ધ નિષ્ક્રિય ચૈતન્યબિંબ જ દેખું છું. જે વિકલ્પ, વાણી અને શરીરની ક્રિયાઓ થઈ રહી છે, તેને મહારાજ સાહેબ માનતો નથી.

૧૪ ગુરુદેવશ્રી ઘોલનથી ( નિશ્ચયથી ) પર છે. પરંતુ તેમના ઘોલનમાં પરની જે કરુણા છે તેમાં ન્યાયાદિ નીકળે છે. જેમ પિતાનું ધન પુત્ર શ્રમ વગર ભોગવે છે તેમ ગુરુદેવશ્રી પાસેથી મળેલા ન્યાયાદિને આપણે શ્રમ વગર ભોગવીએ.

૧૫ ( શરૂ શરૂમાં ધાર્મિક ) પુસ્તકોનું બહુ વાંચન હતું. હજારો પુસ્તકો વાંચી લીધાં હતાં, પરંતુ દૃષ્ટિ મળી ન હતી. પૂ. ગુરુદેવથી દૃષ્ટિ મળી.

૧૬ મહારાજ સાહેબે દુષ્કાળમાં સુકાળ કરી દીધો છે, તે શું ઓછી મહત્ત્વની વાત છે? આ કાળમાં જ્યાં આવી વાત સાંભળવા મળતી નથી ત્યાં ધોધમાર વર્ષા કરી દીધી છે.

૧૭ નિશ્ચય મહારાજશ્રીને જાણ્યા નહિ તો આ મહારાજશ્રીને પણ ઊંધા જાણ્યા.

૧૮ અનુભવ થવો તો સહેલો છે, પરંતુ આટલી ઉઘાડશક્તિ અને ન્યાયાદિ હોવાં શ્રમવાળાં છે. અમને તો ગુરુદેવશ્રીએ જ બધું આપ્યું છે.

૧૯ પૂ. ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે.

૨૦ ગુરુદેવ માટે મારા હૃદયમાં શું છે તે ચીરીને કઈ રીતે બતાવું? બસ, એ તો મારું જ્ઞાન જ જાણે છે.

૨૧ "હું ત્રૈકાલિક સહજ જ્ઞાનસ્વભાવી ધ્રુવ પદાર્થ છું અને પ્રતિક્ષણ જ્ઞાનરૂપ પરિણમન થવાનો મારો સહજ સ્વભાવ છે. જડ આશ્રિત પરિણામો જડના છે." પૂ. ગુરુદેવના આ સિદ્ધાંતની ઘૂંટે ક્ષણિક પરિણામ તરફના વલણના રસને ફિક્કો બનાવી દીધો છે અને સહજ રીતે સ્વ સિવાયનાં બીજા કોઈ કાર્યમાં રસ નથી આવતો.

૨૨ પૂજ્ય શ્રી ગુરુદેવના મુમુક્ષુગણ સાથે રાજકોટના વિહારકાર્યની સુંદર ધર્મપ્રભાવના પૂર્વક પૂર્ણાહુતિ થયેલી જાણીને એ વાતની પ્રતીતિ થાય છે કે, જાણે નેતા સહિત સમગ્ર સંઘનું નિશ્ચય પ્રભાવનારૂપ કાર્ય પણ જલદીથી અને નિર્વિઘ્ન રીતે પરિપૂર્ણ થશે. તેઓશ્રીનું નિશ્ચિત સ્થાન, સોનગઢમાં આગમન—એ વાતનું દ્યોતક છે કે, જાણે આપણા બધાની પરિણતિનું ત્રણ લોકરૂપ રાજકોટના વિહારરૂપી ભ્રમણ સમાપ્ત થઈને નિશ્ચિત, અવિનાશી એવા સ્વ–સ્થાન અમૃતમય ચૈતન્યલોક આત્મ-ગઢમાં આગમન થઈ રહ્યું છે, કે જ્યાં સહજ આનંદથી તરંગિત સહજ આત્મરમણરૂપી વિહાર સાદિ–અનંત કાળ સુધી સ્વાભાવિક જ થતો રહેશે.

૨૩ એ કહેવું નિરર્થક છે કે અહીં હોવા છતાં અંતરંગમાં એવો કોઈ દિવસ નહીં હોય કે મને ત્યાંનાં સંસ્મરણો આવતાં ન હોય. પૂ. ગુરુદેવનું સ્મરણ આ સમયે પણ આવી રહ્યું છે અને આંખમાંથી ગરમ આંસુ વહી રહ્યાં છે કે તેમના સંગમાં રહેવાનું થતું નથી. તેમની અસંગરુચિનો (અથવા સ્વસંગનો) ઉપદેશ કાનમાં ગૂંજી રહ્યો છે અને તેની રમણતાથી જ અહીંની ઉપાધિઓ ઢીલી સરખી બની રહે છે. એ દિવસની પ્રતીક્ષામાં છું કે ક્યારે એ ગર્જતી દિવ્યમૂર્તિનાં ચરણોમાં જલદી હું પોતાને પામું!

૨૪ ધન્ય છે ગુરુદેવ, તેમનો જન્મદિવસ તેમ જ જયંતીનો પ્રત્યક્ષ લાભ લેનારા પુણ્યશાળીઓનો સમુદાય, જેમનાં દર્શનમાત્રથી ઉત્કટ મુમુક્ષુ કૃત્યકૃત્ય બની જાય છે. એવા ગુરુદેવનો જન્મદિવસ વારંવાર ઉજવાતો રહે એ જ ભાવના છે.

૨૫ અરે વિકલ્પ! જો તને તારું આયુ પ્રિય હોય તો બીજા બધાને ગૌણ કરીને ગુરુદેવના સમાગમમાં લઈ ચાલ, નહિતર તેમણે આપેલું વીતરાગ અસ્ત્ર જલ્દીથી જ તારો અંત કરી નાખશે.

૨૬ હે ગુરુદેવ! આપ કેટલી વિશાળતા સુધી ફેલાઈ ચૂક્યા છો. વિશાળતાયે છે ને સાથોસાથ જ નક્કરપણું પણ. હે ગુરુદેવ! આપની વાણીનો સ્પર્શ થતાં જ જાણે વિશ્વની ઉત્તમોત્તમ વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ.

૨૭ સતત દૃષ્ટિધારા વરસાવતા, ચૈતન્યના પ્રદેશેપ્રદેશમાં સહજ એવી મહાન દીપોત્સવીની ક્ષણે ક્ષણે વૃદ્ધિ કરતા શ્રી ગુરુદેવને અત્યંત ભક્તિભાવે નમસ્કાર....

૨૮ હે ગુરુદેવ! લોકોત્તર લાભ માટે આપનાં વચનો પર શ્રદ્ધા રાખી છે. આશીર્વાદ દેતું આપનું મોહક ચિત્ર નિહાળ્યું છે. આપના આશીર્વાદથી પૂર્ણ આનંદમયી નિધિને પ્રાપ્ત કરી લઉં અને અનંત પદાર્થોના ત્રણે કાળના અનંત ભાવો વર્તમાન એકેક ભાવથી અવિચ્છિન્ન પ્રત્યક્ષ થતા રહે એવી તીવ્ર અભિલાષા છે. દરિદ્રીને ચક્રવર્તીપણાની કલ્પના હોતી નથી. પામર દશાવાળાને ‘ હું ભગવાન છું, હું ભગવાન

છું' એવું રટણ લગાડવું તે, હે પ્રભો! આપ જેવા અસાધારણ નિમિત્તનું જ કાર્ય છે. પરિણતિ માટે આત્મા જ નિમિત્ત હો અથવા ભગવાન ભગવાન–એવો ગુંજારવ કરતા આપ નિમિત્ત હો, બીજાનો સંગ નહીં—એ જ ભાવના.

૨૯ નિશ્ચય સ્વ-સત્‌નો સંગ થવો એ જ પૂજ્ય સદ્‌ગુરુદેવના સંગનું ફળ હોવું જોઈએ..

૩૦ દ્વાદશાંગનો સાર તો શ્રી ગુરુદેવે બતાવ્યો છે કે વર્તમાનમાં જ મૂળ, કાયમી, ત્રિકાળી, ધ્રુવસ્વભાવ પરિણામોનું વિશ્રામધામ હું છું.

૩૧ અરે! પ્રત્યક્ષ તીર્થંકરની આશ્રય-બુદ્ધિ પણ સ્વયં વર્તમાન સામર્થ્યનો અનાદર કરનારી છે, એમ કહીને જ પરમ કૃપાળુ ગુરુદેવે વર્તમાનથી જ, તેના પરની દૃષ્ટિ હઠાવી લઈ, વર્તમાન પરિણામ પરથી હઠાવીને ઘટ–વધ વિનાના ત્રિકાલી સદૃશ સામાન્ય સ્વરૂપમાં પોતાનો અડ્ડો જમાવી દઈને, નિશ્ચય રહેવાનું કહ્યું છે. તેમના આવા સિંહનાદરૂપી ઉપદેશને પામીને પણ દીનતા શા માટે?

૩૨ હે વિકલ્પાંશ! તારા સંગે અનાદિથી દુઃખોનો અનુભવ કરતો આવ્યો છું. હવે તો પીછો છોડ! જો થોડો સમય રહેવા જ ઇચ્છતો હો તો સર્વસ્વના આપનારા પરમ ઉપકારી શ્રી ગુરુદેવની ભક્તિ–સેવા–ગુણાનુવાદમાં જ તેમની નિકટ જ વર્ત!

૩૩ પરમ પિતાશ્રીએ આપણા બધા પુત્ર-મંડળને અતૂટ લક્ષ્મી-ભંડાર (દૃષ્ટિરૂપી ચાવી દ્વારા ખોલીને) ભોગવવા માટે પ્રદાન કર્યો છે. એને નિત્ય ભોગવો, નિત્ય ભોગવો —એ જ ભાવના છે.

તીર્થંકર-યોગ સૂચિત કરે છે કે, સર્વ સજ્જન પુત્રગણ આ ભોગને નિઃસંદેહ ભોગવતો નિત્ય અમર રહેશે.

---

**અધ્યાત્મ-પુષ્પઃ—**

* ધ્યેયની રુચિ, પર્યાયનું જ્ઞાન ક્રમે થવું ને અક્રમે રહેવું.
* જીવને રાગવાળો કહેવો તે વિપરીત કથન છે, ને જીવને રાગવાળો જાણવો તે વિપરીત જ્ઞાન છે.
* પર્યાયમાં રાગ થાય છે, થવાની યોગ્યતા છે, છતાં તે દૃષ્ટિ સ્વભાવના આશ્રય વડે છોડવા જેવી છે.
* જેણે રાગને જીત્યો છે તે જિન–જ્ઞાની છે. અને રાગ વડે જે જીતાયો છે તે અજૈન–અજ્ઞાની છે. (પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

# ગુરુજીની જોડ જગે નહીં જડે રે લોલ.......

( ગરબી )

શ્રી સહજાત્મ સ્વરૂપજી રે લોલ,
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી જો,

સદ્‌ગુરુ સ્વરૂપ સદા સાંભરે રે લોલ........ટેક.
મારા ગુરુજીની જોડ જગે નહીં જડે રે લોલ....ટેક.

કહાન સદ્‌ગુરુ રાજજી રે લોલ,
પ્રેમે પ્રણમું શિર નામી જો....સદ્‌ગુરુ સ્વરૂપ સદા સાંભરે રે લોલ....૧

મીઠા મીઠા મેહુલા રે લોલ,
એથી એ મીઠા ધર્મતાત જો.... મારા ગુરુજીની જોડ જગે નહીં જડે રે લોલ....૨

પરમાર્થ જ્ઞાનનું એ પૂતળું રે લોલ,
જગથી જુદેરી એની જાત જો.... સદ્‌ગુરુ સ્વરૂપ....૩

અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એનાં વેણ જો.... મારા ગુરુજીની....૪

અભય વરદાન ઉભય જ્ઞાનમાં રે લોલ,
હૈયું તે કરુણા કેરું વહેણ જો.... સદ્‌ગુરુ સ્વરૂપ....૫

દેવોને બોધ એનો દોહ્યલો રે લોલ,
શશિએ સીંચેલ એની સોડ જો.... મારા ગુરુજીની....૬

મૂંગી આશીષ ઉરે મલકતી રે લોલ,
કાળજામાં કંઈક ભર્યા કોડ જો... સદ્‌ગુરુ સ્વરૂપ...૭

જગનો આધાર એનું જ્ઞાન છે રે લોલ,
લેતા ન ખૂટે એનો લ્હાવ જો.... મારા ગુરુજીની....૮

ગંગાના નીર તો વધે ઘટે રે લોલ
સરખો એ કૃપાનો પ્રવાહ જો.... સદ્‌ગુરુ સ્વરૂપ....૯

ઘડી એક વરસે વ્યોમ વાદળી રે લોલ,
મારા ગુરુદેવના મેઘ બારે માસ જો... મારા ગુરુજીની....૧૦

ચઢતી ચંદ્રાની દીસે ચાંદની રે લોલ,
આથમે ન તેનો જ્ઞાન-પ્રકાશ જો... સદ્ગુરુ સ્વરૂપ...૧૧

'વાની મારી કોયલ' પરે રે લોલ,
ઓચિંતો જ્ઞાન-અવતાર જો.... મારા ગુરુજીની....૧૨

સમ્યક્ રત્નત્રય સાધતાં રે લોલ,
સહજ સ્વભાવે બેડા પાર જો.... સદ્ગુરુ સ્વરૂપ....૧૩
મારા ગુરુજીની...

(સ્વાધ્યાય સંચય ઉપરથી)

---

અહો! સત્પુરુષના વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ,—

સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,

દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયત અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત, છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર,

ત્રિકાળ જયવંત વર્તો!

---

અહો! સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગ,

અહો! તે સર્વોત્કૃષ્ટ શાંત રસ પ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ,

અહો! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતિત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્ગુરુદેવ,
આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો.

—શ્રીમદ્ રાજચંદ્ર

## ગુરુતત્ત્વ આરાધતા....

૧ જીવ પોતાને ભૂલી ગયો છે અને તેથી સત્સુખનો તેને વિયોગ છે.

૨ પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થશે એમ નિઃશંક માનવું.

૩ જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થાય છે એ સ્વાભાવિક સમજાય છે. છતાં જીવ પોતાનું અજ્ઞાન વિચારતો નથી.

૪ જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું. પોતાની ઇચ્છાએ પ્રવર્તતા અનાદિકાળથી રખડયો.

૫ જ્યાંસુધી જ્ઞાનીની ઇચ્છાએ અર્થાત્ આજ્ઞાએ નહીં વર્તાય ત્યાંસુધી અજ્ઞાનની નિવૃત્તિ થશે નહીં.

૬ જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એક નિષ્ઠાએ તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

૭ જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી. પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી.—આ અનાદિ કાળનું ગુપ્ત તત્ત્વ સંતોના હૃદયમાં રહ્યું તે પાને ચઢાવ્યું છે.

૮ અનંતકાળ જીવ પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં. પરંતુ એક પળમાં જ્ઞાનીની આજ્ઞાનો આરાધક જ્ઞાન પામે.

૯ શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ જીવને યોગ્યતા થવા માટે છે. મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા જોઈએ.

૧૦ આ ગુરુતત્ત્વને જે આરાધે છે તે, પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.

—શ્રીમદ્ રાજચંદ્ર.

# પરમાગમ સાર

( પૂ ગુરુદેવે ખાસ લખાવેલા પરમાગમના સારભૂત અમૂલ્ય સિદ્ધાંતો )

૧ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં, સ્પર્શે નહીં. —સમયસાર ગા. ૩

૨ દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે. —સમયસાર ગા. ૩૦૮/૩૧૧

૩ ઉત્પાદ, ઉત્પાદથી છે. વ્યય કે ધ્રુવથી નથી. —પ્રવચનસાર ગા. ૧૦૧

૪ ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે. —પંચાસ્તિકાય ગા. ૬૨

૫ પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે. —સમયસાર ગા. ૧૮૧/૧૮૩

૬ ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે. કરવી પડતી નથી. —સમયસાર શક્તિ–૩૩

૭ ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. —સમયસાર ગા.–૧૧

૮ ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. —પંચાસ્તિકાય ગા.–૧૭૨

૯ સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.
—નિયમસાર ગા.–૧૪૫

૧૦ ધ્રુવનું આલંબન પણ વેદન નહીં. અને પર્યાયનું વેદન પણ આલંબન નહીં.
—વચનામૃત બોલ–૩૭૬

૧૧ સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ.
પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ કલ્પના.
સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ.
પરક્ષેત્ર એટલે પ્રદેશમાં ભેદ પાડવો તે.
સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા.
પરકાળ એટલે એક સમયની પર્યાય.
સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજશક્તિ.
પરભાવ એટલે ગુણભેદ (ગુણમાં ભેદ પાડવો તે.)
—સમયસાર કલશ–ટીકા. કલશ નં. ૨૫૨

૧૨ પર્યાયનું કારણ પર્યાય જ છે.
પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે.

પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે.
પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે.
પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે. —ચિદ્‌વિલાસ પા. ૮૯

૧૩ એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. —ચિદ્‌વિલાસ પા. ૭૫

૧૪. એક દ્રવ્યમાં અનંત ગુણ.
એક ગુણની અનંત પર્યાય.
એક પર્યાયમાં અનંત નૃત્ય.
એક નૃત્યમાં અનંત થટ.
એક થટમાં અનંત કાર્ય. કળા
એક કળામાં અનંત રૂપ.
એક રૂપમાં અનંત સત્. (સત્તા).
એક સત્તામાં અનંત ભાવ.
એક ભાવમાં અનંત રસ.
એક રસમાં અનંત પ્રભાવ.

—અધ્યાત્મપંચસંગ્રહ (સવૈયા પાનું-૧, જ્ઞાનદર્પણ પાનું ૨૬)

૧૫. સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.
સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.
સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.
પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.
પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.
પરભાવથી વિરક્ત થા. —શ્રીમદ્ રાજચંદ્ર.

૧૬ ભાવશક્તિ—વિદ્યમાન—અવસ્થાવાળાપણારૂપ. (અમુક અવસ્થા જેમાં વિદ્યમાન હોય એવાપણારૂપ ભાવશક્તિ).

ભાવશક્તિ—(કર્તા, કર્મ આદિ) કારકો અનુસાર જે ક્રિયા તેનાથી રહિત ભવન-માત્રમયી. (હોવામાત્રમયી, થવામાત્રમયી).

ભાવનય—આત્મદ્રવ્ય, પુરુષ સમાન પ્રવર્તતી સ્રીની માફક, તત્કાળ પર્યાયરૂપે ઉલ્લાસે–પ્રકાશે–પ્રતિભાસે છે.

—સમમયસાર શક્તિ–૩૩, ૩૯. પ્રવચનસાર નય ૧૫.

૧૭ અનેકાંત—એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે.

—સમયસાર પરિશિષ્ટ, પાનું ૬૦૯.

૧૮ પરમાં અકિંચિત્કર હોવાથી આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી.

—સમયસાર ગાથા ૨૬૬

૧૯ दंसणभट्टा भट्टा दंसणभट्टस्स णत्थि णिव्वाणं ।
सिज्झंति चरियभट्टा दंसणभट्टा ण सिज्झंति ।।

દગ્ભ્રષ્ટ જીવો ભ્રષ્ટ છે, દગ્ભ્રષ્ટનો નહિ મોક્ષ છે;
ચારિત્રભ્રષ્ટ મુકાય છે, દગ્ભ્રષ્ટ નહિ મુક્તિ લહે.

—દર્શન પાહુડ ગા. ૩

૨૦ जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।
कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ।।

જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.

—નિયમસાર ગા. ૩૮

૨૧. पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं ।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा ।।

જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ શુદ્ધનિશ્ચયનયના બળે હેય છે. કારણ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે.

—નિયમસાર ગા. ૫૦.

૨૨ એક જ સમયમાં સર્વદર્શિત્વશક્તિ અને સર્વજ્ઞત્વશક્તિ છે—આ અદ્ભુત રસ છે.

—અધ્યાત્મ પંચ સંગ્રહ.

(પરમાત્મપુરાણ પા. ૫૨.)

# અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે.

( શ્રી સમયસારજીના પરિશિષ્ટ ઉપરથી પૂજ્ય ગુરુદેવે લખાવેલી નોંધ )

૧ ક્રમરૂપ અને અક્રમરૂપ અનંત ધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે તે સઘળોય ખરેખર એક આત્મા છે.
૨ જ્ઞાનમાત્ર એક ભાવની અંતઃપાતિની અનંત શક્તિઓ ઉછળે છે.
૩ ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે.
૪ એકેક શક્તિ અનંતમાં વ્યાપક છે.
૫ એક શક્તિ અનંતને નિમિત્ત છે.
૬ એક શક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે.
૭ એક શક્તિમાં ધ્રુવ ઉપાદાન, ક્ષણિક ઉપાદાન છે.
૮ એકેક શક્તિમાં વ્યવહારનો અભાવ છે.
૯ તે જ અનેકાંત છે, સ્યાદ્‌વાદ છે.
૧૦ શક્તિ પારિણામિકભાવે છે.
૧૧ કર્તા આદિ છ કારકો અભિન્ન છે અને નિરપેક્ષ છે.
૧૨ એકેક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે.
૧૩ જન્મક્ષણ, તે જ નાશક્ષણ.
૧૪ ઉત્પાદ, ઉત્પાદના કારણે છે.
૧૫ કાળલબ્ધિ છે.
૧૬ પોતપોતાના અવસરે થાય છે.
૧૭ નિશ્ચય-વ્યવહાર છે.
૧૮ શક્તિ અને શક્તિવાનનો ભેદ પણ દૃષ્ટિનો વિષય નથી.
૧૯ ક્રમવર્તી જ્ઞાનપર્યાય, તે પરને જાણે એ પણ વ્યવહાર છે.
૨૦ જાણનાર જાણનારનો છે એવા સ્વ-સ્વામી અંશથી શું સાધ્ય છે?
૨૧ રાગને ઉપાદેય માને તે આત્માને હેય માને છે;
—આત્માને ઉપાદેય માને તે રાગને હેય માને છે.
૨૨ દરેક શક્તિમાં અકાર્ય-કારણનું રૂપ છે.
૨૩ દરેક શક્તિમાં ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ છે.

## ❀ શક્તિઓ ❀

( પરમાગમ શ્રી સમયસારજીની ૪૭-શક્તિઓ ઉપરાંત, શાસ્ત્ર-સમુદ્રનું મંથન કરીને પૂ. ગુરુદેવે શોધી કાઢેલી કેટલી શક્તિઓ.......)

૧-સમકિત.
૨-ચારિત્ર.
૩-સ્વયંસિદ્ધત્વ.
૪-અજ.
૫-અખંડતા.
૬-વિમળ.
૭-ભેદ.
૮-અભેદ.
૯-નાસ્તિ.
૧૦-સાકાર.
૧૧-નિરાકાર.
૧૨-વસ્તુત્વ.
૧૩-અચળ.
૧૪-ઊર્ધ્વગમનત્વ.
૧૫-સત્.
૧૬-અસત્.
૧૭-સૂક્ષ્મ.
૧૮-સ્થૂલ.
૧૯-અપ્રમેયત્વ.
૨૦-અન્યત્વ.
૨૧-અનંત અગુરુલઘુત્વ.
૨૨-ભવ્ય.
૨૩-અભવ્ય.
૨૪-સર્વગતત્ત્વ.
૨૫-દ્રવ્યત્વ.
૨૬-અવગાહન.
૨૭-અવ્યાબાધ.
૨૮-સૂક્ષ્મ.
૨૯-અગુરુલઘુ.
૩૦-વિભાવ.
૩૧-યોગ.
૩૨-અવગાહન.
૩૩-ક્રિયાવતી.
૩૪-ભોક્તૃત્વ.
૩૫-અસર્વગતત્ત્વ.
૩૬-પૂર્ણ.
૩૭-અનાદિ સંતતિ બંધનબદ્ધત્વ.
૩૮-નિત્ય.
૩૯-પરમભાવ.
૪૦-નિજધર્મભાવ.
૪૧-ધ્રુવભાવ.
૪૨-કેવળભાવ.
૪૩-શાશ્વતભાવ.
૪૪-અતુલભાવ.
૪૫-અછેદ્યભાવ.
૪૬-અમિતભાવ.
૪૭-પ્રકાશભાવ.
૪૮-અપાર મહિમાભાવ.
૪૯-અકલંકભાવ.
૫૦-અકર્મભાવ.
૫૧-અઘટભાવ.
૫૨-અખેદભાવ.
૫૩-નિઃસંસારભાવ.
૫૪-કલ્યાણભાવ.

( આધાર—પ્રવચનસાર પૃ. ૧૫૦, અનુભવપ્રકાશ પૃ. ૬, રાજવાર્તિક પૃ. ૫૫૯, પદ્મનંદી પંચવિંશતિકા પૃ. ૧૮૧, પરમાત્મ-પુરાણ પૃ. ૩૫ ).

# નિત્ય ક્રમ....

( પૂ. ગુરુદેવશ્રીની દિવસ દરમ્યાન પ્રવૃત્તિની—દિનચર્યાની—આછી ઝલક )

**સવારેઃ**—દરરોજ વહેલી સવારે ( લગભગ ૪ વાગે ) ઊઠી જવું અને પથારીમાં જ બેઠા-બેઠા ચિદાનંદ ભગવાન તથા વીતરાગી પરમાત્માઓનું સ્મરણ કરીને 'નિત્ય સ્વાધ્યાય' કરવો. આ, યાદ કરેલો મૌખિક સ્વાધ્યાય નીચે મુજબનો હતો—

૧. ૧૬ સમયસારજીની ગાથા. ( ૧ થી ૧૬ સુધીની મૂળ ગાથાઓ )
૨. ૪૭ સમયસારજીની શક્તિ. ( વ્યાખ્યા સહિત )
૩. ૪૭ પ્રવચનસારજીની નય. ( વ્યાખ્યા સહિત )
૪. ૨૦ અલિંગગ્રહણના બોલ. ( પ્રવચનસારજીની ૧૭૨મી ગાથા )
૫. ૬ અવ્યક્તના બોલ. ( સમયસારજીની ૪૯મી ગાથા )
૬. ૧૦ શ્રીમદ્ રાજચંદ્રજીના બોલ. ( સ્વદ્રવ્ય–અન્યદ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ. આદિ )
૭. ૨૪ તીર્થંકર
૮. ૫ બાલ બ્રહ્મચારી તીર્થંકર.

૧૭૫

ઉપર મુજબનું બધું જ મોઢે કરેલું અને દરરોજ સવારે પથારીમાં બેઠા–બેઠા તેનું સ્મરણ કરતા અને તેમાંથી નવા નવા ન્યાયો વિચારતા–કાઢતા. તે ઉપરાંત સ્વરૂપનું મનન–ચિંતવન–મંથન–ઘૂંટણ કરતા. પછી પથારીનો ત્યાગ કરવો. અને વ્હાલા સીમંધરાદિ ભગવંતોને બહારથી જ વંદન કરીને શૌચાર્થે ફરવા જવું. ઘણી વાર તો પાલીતાણા બાજુ જ જતાં. પરંતુ કોઈક વાર રાજકોટ રોડ ઉપર પણ ફરવા જતાં. ( સૂર્યોદયમાં થતા ફેરફાર પ્રમાણે ફરવા જવાના સમયમાં પણ ફેરફાર થતો. ) ઘણા વર્ષો સુધી તો એકાદ માઈલ જેટલું ફરવા જતાં. પણ પછીથી થોડે સુધી જ ફરવા જતાં. અને છેલ્લે તો સ્વાધ્યાય-મંદિરમાં જ ફરતા. ફરવા જતી વખતે સાથે મુમુક્ષુઓ પણ રહેતા. અને તેઓની સાથે તત્ત્વચર્ચા–વાર્તા થતી. કોઈ કોઈ વાર આવેલ સ્વપ્નાની કે વિચારમાં–મંથનમાં–આવેલ કોઈ નવા ન્યાયની વાત પણ કરતા.

ફરીને આવ્યા પછી તથા સૂર્યોદય થયા પછી, મુખશુદ્ધિ આદિથી સ્વચ્છ થઈ ને સૌથી પહેલાં જિનેન્દ્ર ભગવાનના દર્શને જતાં, વિદેહીનાથ આદિ સર્વે ભગવંતોની ભાવ–દ્રવ્ય સ્તુતિ કરીને અર્ઘ ચડાવતા. વીતરાગી પ્રભુને ભેટયા પછી સ્વાધ્યાય–મંદિરમાં

બિરાજમાન જિનવાણીમાતા અને શ્રી કુંદકુંદાચાર્યદેવના દર્શન કરતા. તે પછી ગાયનું તદ્દન મોળું (સાકર વિનાનું) દૂધ વાપરતા. ત્યારબાદ સવારની સ્વાધ્યાય કરતા. જેમાં 'શ્રી પ્રણવ માહાત્મ્ય' વાંચતા અને શ્રી સમયસારજીની ૩૨૦ ગાથા ઉપર શ્રી જયસેનાચાર્ય કૃત ટીકાના આ વાકયનું સ્મરણ કરતાં —તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ–અખંડ–એક–પ્રત્યક્ષપ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ –નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' તથા સવારના પ્રવચનમાં જે વિષય આવવાનો હોય તેની ઉપર વિચાર–મનન–મંથન કરતાં. પછી ૮ વાગે (ઋતુ પ્રમાણે ૮ કે ૮ાા) બરોબર એક કલાક. માટે તેમની અધ્યાત્મરસ ઝરતી અમૃતમય વાણીની વર્ષા થતી. ૪૫–૪૫ વર્ષ સુધીના આ સવાર–બપોરના એક એક કલાકના નિયમિત પ્રવચનોથી જૈનધર્મનો ઇતિહાસ જ બદલાઈ ગયો, આત્મા, પરમાત્મા કેમ બને એટલે કે ભક્ત ભગવાન કેમ બને તેનો સાચો રાહ બતાવતા. તેમના પ્રવચનની વિશિષ્ટ શૈલીથી સમગ્ર સમુદાય અધ્યાત્મરસમાં લીન થઈ જતો.

ભવ્ય જીવોના સંસાર-તાપને નાશ કરતી શીતળ–અમૃત વાણી વરસાવ્યા પછી મુમુક્ષુભાઈઓ સાથે ચર્ચા–વાર્તા ચાલતી. તે પછી આહાર લેતાં. ઘણા વર્ષોથી એક જ પ્રકારનો બહુ જ સાદો આહાર લેતાં. અને તે પણ અલુબ્ધ ભાવે. આહારમાં સ્વાદની ક્યારેય મુખ્યતા નહોતી, માત્ર શરીર ટકે તે માટે થોડું અનાજ લેવાય તે જ પ્રયોજન હતું. આહાર લેતાં–લેતા ક્યારેક એવા તો સ્વરૂપ મંથન કે તત્ત્વ-વિચારમાં ચડી જતા કે શું આહાર લીધો, કેટલો આહાર લીધો, તે પણ ખ્યાલ રહેતો નહીં. 'ખાય છે પણ ખાતા નથી, બોલે છે પણ બોલતા નથી અને સેવક છે છતાં અસેવક છે'—જ્ઞાનીને માટે શાસ્ત્રમાં કહેલી આ વાતનો ત્યારે સ્પષ્ટ અનુભવ થતો. છેલ્લા ઘણા વર્ષોથી માત્ર ચાર રોટલીનો ખોરાક હતો. ભૂખ પ્રમાણે ખોરાક નહીં, પરંતુ નિયમિત આટલો જ ખોરાક લેવો, છેલ્લા ઘણા વર્ષોથી સાકર કે મિષ્ટાન્નનું તો નામ જ નહીં. આહાર લીધા પછી સ્વાધ્યાય મંદિરમાં થોડું ફરવાનું અને પછી પોણો કલાક શારીરિક આરામ. કારણ કે વિચારકક્ષાએ મનમાં તો સ્વ-પર કલ્યાણના જ વિચારો ચાલતા, સૂતા–જાગતા, ખાતા–પીતા, ચાલતા–બોલતાં એક જ ધૂન કે મારું હિત કેમ થાય? અને દુઃખથી તૃપ્ત જીવો પણ સુખને કેમ પ્રાપ્ત થાય.

**બપોરે:—**

આરામ કર્યા પછી સ્વાધ્યાયનો કાર્યક્રમ હોય. કોઈ પત્ર કે સામાયિક આવ્યા હોય તો તે વાંચતા. પરંતુ કોઈને ક્યારેય કાગળનો જવાબ આપ્યો નથી કે કોઈ વિરોધિના આક્ષેપોનો પ્રત્યુત્તર દીધો નથી. ઉલ્ટાનું વિરોધ કરનારના અજ્ઞાન ઉપર દયા આવતી, કરુણા આવતી. ઘણીવાર કહેતા કે પ્રભુ! પ્રભુ! આ તું શું કરે છો? તું પણ દ્રવ્યે પરમાત્મા –ભગવાન છો ને! તેથી સાધર્મી છો. તારા પ્રત્યે દ્વેષ–તિરસ્કાર નથી હો! તું પણ અજ્ઞાન ટાળીને પરમાત્મા થા. દ્રવ્યસંગ્રહનું તે વાકય વારંવાર યાદ કરતા કે 'જ્ઞાનીની તો આવી ભાવના હોય છે કે હું તો આઠ કર્મથી મુક્ત થવાનો જ છું. પણ, જગતના

બધા જીવો આઠ કર્મથી રહિત થાવ'—આમ કોઈ કદાચિત્ તેમની નિંદા કરતા તોપણ તેઓ કદાપિ કોઈની નિંદા કરતા નહીં. તે પછી કોઈ નવા પ્રકાશિત શાસ્ત્રનું અથવા તો જેનો નિયમિત સ્વાધ્યાય ચાલતો હોય તેનું વાંચન કરતાં. વચ્ચે-વચ્ચે કોઈ મહેમાન કે મુમુક્ષુ દર્શનાર્થે આવ્યા હોય તો દર્શન પણ આપતા અને છેલ્લે બપોરના પ્રવચનમાં આવનાર વિષય સંબંધી વાંચન-વિચાર કરતા. આ બપોરના સ્વાધ્યાયમાં જ ( જાહેર પ્રવચનોમાં ૧૯વાર શ્રી સમયસારજી પરમાગમનું વાંચન થયું હતું તોપણ ) સેંકડોવાર તે પરમાગમનું તથા અન્ય પરમાગમોનું એકાંતમાં વાંચન કર્યું હતું. ત્યાર બાદ બપોરે અઢી વાગે ( ઋતુ પ્રમાણે ફેરફાર થતો ) થી સાડા ત્રણ એક કલાક બપોરનું વ્યાખ્યાન.

દાવાનળને શાંત કરનાર મેઘની સમાન દિવ્યધ્વનિ વરસાવીને પૂ. ગુરુદેવ જિનેન્દ્ર ભગવાનની ભક્તિમાં પધારતા. પણ હજી તો પ્રવચનમાં જ શુભભાવને હેય કહ્યો હતો ને? છતાં આ ભક્તિ? ભાઈ! ભૂમિકાને યોગ્ય શુભભાવ આવ્યા વગર રહેતો નથી. છતાં પણ તે છે હેય. તે ધર્મ નથી તેમ જ ધર્મનું કારણ પણ નથી. ભક્તિના રસથી ભરેલાં ભાવભીનાં પ્યાલા પીધા પછી ફરીને મુમુક્ષુઓ સાથે ચર્ચા વાર્તા.

**સાંજે:—**

આહારનો સમય થતાં આહાર લેવો. સાંજના તો બહુ જ થોડો-ભૂખથી પણ ઓછો-આહાર લેતાં. આહાર લીધા પછી થોડુંક ફરવાનું પહેલા તો પ્રવચન-મંડપ અને માન-સ્થંભની આસપાસ ફરતા. અને પછી સ્વાધ્યાયમંદિરની ઓસરીમાં બેસતા. જ્યાં મુમુક્ષુઓ પણ આવતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી તો સ્વાધ્યાય-મંદિરમાં જ ફરતા અને પછી પોતાની રૂમમાં ( ગુરુ-આવાસમાં ) એકાંતમાં-ધ્યાનમાં-બેસતાં. ૭૦ વર્ષથી રાત્રિના આહાર-પાણીનો ત્યાગ હતો તેથી સૂર્યાસ્ત પહેલાં જ દવા-પાણી લઈ લેતાં અને સવારના પણ સૂર્યોદય થયા પછી જ પાણી આદિ વાપરતાં.

ત્યારબાદ છેલ્લો જાહેર કાર્યક્રમ રાત્રિચર્ચાનો રહેતો. જેમાં જિજ્ઞાસુ પોતાના પ્રશ્નોના ઉત્તરો મેળવતા. શંકા-આશંકાનું સમાધાન થતું. ગમે તેવા પ્રશ્નો આવતા તોપણ તરત જ ઉત્તર મળતા. હજુ પ્રશ્ન પૂરો થયો નથી કે ઉત્તર મળી જતા. શ્રોતાઓ આશ્ચર્યચકિત થઈ જતાં. વાયદો નહીં કે પછી શાસ્ત્રોમાં જોઈને ઉત્તર મળશે. કેમકે શાસ્ત્ર-વાંચન ( સ્વાધ્યાય ) કરતી વખતે પોતે જ તેમાંથી શક્ય એટલા પ્રશ્નો ઉઠાવતા અને તેનું સમાધાન પણ સ્વયં પોતે કરી લેતા. ખરેખર તો, પ્રવચનમાં ચારે બાજુથી એટલી સ્પષ્ટતા થતી કે આશંકા ઉત્પન્ન થાય તેવી શક્યતા જ નહિવત્ રહેતી. બસ, પછી બાહ્ય પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ, પથારીમાં વહેલી સવારે કરેલો સ્વાધ્યાય ફરીને કરતા. —આવી રીતે આખો દિવસ મુખ્યતઃ સ્વાધ્યાય-વાંચન-વિચાર-મનન-મંથન-ચિંતવનમાં જ વ્યતીત થતો-અને તેથી જ તો સ્વપ્ના પણ તેવા જ-તેના જ આવતા. આમ આત્મ-લાભપૂર્વક એક મંગલ દિવસ પૂર્ણ થતો............

# श्रीप्रणव माहात्म्य

ओकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमोनमः ॥

( ઘનાક્ષરી )

ૐકાર શબ્દ [1]વિશદ યાકે ઉભયરૂપ,
એક આત્મીક ભાવ એક પુદ્ગલકો;
શુદ્ધતા સ્વભાવ લિયે, ઊઠયો રાય [2]ચિદાનંદ,
અશુદ્ધ વિભાવ લૈ પ્રભાવ જડબલકો.
ત્રિગુણ ત્રિકાલ તાતેં વ્યય ધ્રુવ ઉતપાત,
જ્ઞાતાકો સુહાત વાત નહીં લાગ ખલકો;
**બાનારસીદાસ** જૂકે હૃદય ૐકાર વાસ,
જૈસો પરકાશ [3]શશિ પક્ષકે શુક્લકો. ૧.

નિરમલ જ્ઞાનકે પ્રકાર પંચ નરલોક,
તામેં શ્રુતજ્ઞાન પરધાન કર પાયો હૈ;
તાકે મૂલ દોયરૂપ અક્ષર અનક્ષરમેં,
અનક્ષર અગ્ર પિંડ સૈનમેં બતાયો હૈ.
બાવન વરણ જાકે અસંખ્યાત [4]સન્નિપાત,
તિનિમેં નૃપ ૐકાર સજ્જન સુહાયો હૈ;
**બાનારસીદાસ** અંગ દ્વાદશ વિચાર યામેં,
ઐસે ૐકાર કંઠ પાઠ તોહિ આયો હૈ. ૨.

મહામંત્ર ગાયત્રીકે મુખ બ્રહ્મરૂપ મંડ્યો,
આતમ પ્રદેશ કોઈ પરમ પ્રકાશ હૈ;
તા પર અશોક વૃક્ષ છત્ર ધ્વજ ચામર સો,
પવન અગનિ જલ વસૈ એક વાસ હૈ;

૧ વિશાળ, ૨ જ્ઞાનસ્વરૂપનો આનંદ, ૩ ચંદ્ર. ૪. જોડાણ.

સારીકે અકાર તામેં રુદ્ર રૂપ ચિતવત,
મહાતમ મહાવૃત તામેં બહુ ભાસ હૈ;
ઐસો ૐકારકો અમૂલ ચૂલ મૂલરસ,
**બાનારસીદાસ** જુકે વદન વિલાસ હૈ. ૩.

## શારદાષ્ટકં.

(વસ્તુછંદ)

નમો કેવલ નમો કેવલરૂપ ભગવાન,
મુખ ૐકાર ધુનિ સુનિ અર્થ ગણધર વિચારૈ;
રચિ આગમ ઉપદિશૈ ભવિક જીવ સંશય નિવારૈ.
સો સત્યારથ શારદા તાસુ, ભક્તિ ઉર આન;
છન્દ **ભુજંગપ્રયાતમેં**, અષ્ટક કહૌં બખાન. ૧.

## ભુજંગપ્રયાત.

જિનાદેશજાતા જિનેન્દ્રા વિખ્યાતા,
વિશુદ્ધપ્રબુદ્ધા નમોં લોકમાતા;
દુરાચાર દુર્નૈંહરા શંકરાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૨.

સુધાધર્મસંસાધની ધર્મશાલા,
સુધા તાપનિર્નાશની મેઘમાળા;
મહામોહવિધ્વંસની મોક્ષદાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૩.

અખૈવૃક્ષશાખા વ્યતીતાભિલાષા,
કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા;
ચિદાનન્દ–ભૂપાલકી રાજધાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૪.

સમાધાનરૂપા અનુપા [1]અક્ષુદ્રા,
અનેકાન્તધા સ્યાદ્વાદાંકમુદ્રા;
[2]ત્રિધા [3]સપ્તધા દ્વાદશાંગી વખાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૫.

૧. અશુદ્રા – શુદ્ધ. ૨. ઉત્પાદ. વ્યય, ધ્રુવ–ત્રિપદી. ૩. સપ્તભંગી

અકોપા અમાના અદંભા અલોભા,
શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાનશોભા;
મહાપાવની ભાવના ભવ્યમાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૬.

અતીતા અજિતા સદા નિર્વિકારા;
વિષૈવાટિકાખંડિની ખડ્ગધારા;
પુરાપાપવિક્ષેપકર્તૃ [1]કૃપાણી,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની ૭.

અગાધા અબાધા [2]નિરંધ્રા નિરાશા;
અનન્તા અનાદીશ્વરી કર્મનાશા;
નિશંકા નિરંકા ચિદંકા ભવાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૮.

અશોકા [3]મુદેકા વિવેકા વિધાની,
જગજ્જન્તુમિત્રા [4]વિચિત્રાવસાની;
સમસ્તાવલોકા [5]નિરસ્તાનિદાની,
નમો દેવિ વાગેશ્વરી જૈનવાની. ૯.

જૈનવાણી જૈનવાણી સુનહિં જે જીવ,
જે આગમ રુચિ ધરેં જે પ્રતીતિ મનમાંહિ આનહિ;
અવધારહિં જે પુરુષ સમર્થ પદ અર્થ જાનહિ
જે હિતહેતુ **બનારસી,** દેહિં ધર્મ ઉપદેશ;
તે સબ પાવહિં પરમસુખ, તજ સંસાર કલેશ. ૧૦

૧. તરવાર જેવી મોટી છરી. ૨. વર્ણસંકર વિનાની. ૩. ખુશી ઉત્પન્ન કરનારી.
૪. વિચિત્ર પરિણામ લાવનારી. ૫. નિદાનને દૂર કરનારી.

વીતરાગધર્મ પ્રભાવક પૂજ્ય ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના શુભ હસ્તે થયેલી

## * પંચકલ્યાણક-પ્રતિષ્ઠાઓ *

| ક્રમ | સ્થળ | મંગળ પ્રતિષ્ઠા દિવસ (ગુજરાતી તિથિ પ્રમાણે) | મૂળનાયક ભગવાન |
|---|---|---|---|
| ૧ | સોનગઢ જિનમંદિર | ૧૯૯૭ ફાગણ સુદ ૨ | શ્રી સીમંધર ભગવાન |
| ૨ | સોનગઢ સમવસરણમંદિર | ૧૯૯૮ વૈશાખ વદ ૬ | ,, |
| ૩ | વીંછિયા જિનમંદિર | ૨૦૦૫ ફાગણ સુદ ૭ | શ્રી ચંદ્રપ્રભ ભગવાન |
| ૪ | લાઠી જિનમંદિર | ૨૦૦૫ જેઠ સુદ ૫ | ,, સીમંધર ભગવાન |
| ૫ | રાજકોટ જિનમંદિર | ૨૦૦૬ ફાગણ સુદ ૧૨ | ,, ,, ,, |
| ૬ | સોનગઢ માનસ્થંભ (૬૩ ફૂટ ઊંચો) | ૨૦૦૯ ચૈત્ર સુદ ૧૦ | શ્રી સીમંધર ભગવાન |
| ૭ | પોરબંદર જિનમંદિર | ૨૦૧૦ ફાગણ સુદ ૩ | ,, પાર્શ્વનાથ ભગવાન |
| ૮ | મોરબી ,, | ૨૦૧૦ ચૈત્ર સુદ ૨ | ,, મહાવીર ભગવાન |
| ૯ | વાંકાનેર ,, | ૨૦૧૦ ચૈત્ર સુદ ૧૩ | ,, વર્ધમાન ભગવાન |
| ૧૦ | લીંબડી ,, | ૨૦૧૪ વૈશાખ સુદ ૧૩ | ,, પાર્શ્વનાથ ભગવાન |
| ૧૧ | મુંબઈ ,, | ૨૦૧૫ મહા સુદ ૬ | ,, સીમંધર ભગવાન |
| ૧૨ | જામનગર ,, | ૨૦૧૭ મહા સુદ ૭ | ,, મહાવીર ભગવાન |
| ૧૩ | જોરાવરનગર ,, | ૨૦૧૯ વૈશાખ સુદ ૧૩ | ,, આદિનાથ ભગવાન |
| ૧૪ | દાદર જિનમંદિર અને સમવસરણ ૭૫ ફુટ ઊંચું | ૨૦૨૦ વૈશાખ સુદ ૧૧ | ,, મહાવીર ભગવાન<br>,, સીમંધર ભગવાન |
| ૧૫ | રાજકોટ સમવસરણમંદિર ,, અને માનસ્થંભ | ૨૦૨૧ વૈશાખ સુદ ૧૨ | ,,<br>,, |
| ૧૬ | આંકડિયા જિનમંદિર | ૨૦૨૩ મહા સુદ ૧ | ,, |
| ૧૭ | હિમ્મતનગર ,, | ૨૦૨૩ મહા સુદ ૧૧ | શ્રી મહાવીર ભગવાન |
| ૧૮ | અમદાવાદ ,, | ૨૦૨૫ ફાગણ સુદ ૫ | ,, પાર્શ્વનાથ ,, |
| ૧૯ | રણાસણ ,, | ૨૦૨૫ ફાગણ વદ ૨ | ,, આદિનાથ ,, |

| ક્રમ | સ્થળ | મંગળ પ્રતિષ્ઠા દિવસ | મૂળનાયક ભગવાન |
|---|---|---|---|
| ૨૦ | મલાડ (મુંબઈ) જિનમંદિર (વીસ વિહરમાન સહિત) | ૨૦૨૫ વૈશાખ સુદ ૭ | શ્રી આદિનાથ ભગવાન |
| ૨૧ | ઘાટકોપર (મુંબઈ) જિનમંદિર (વર્તમાન ચોવીસી સહિત) | ૨૦૨૫ વૈશાખ સુદ ૮ | શ્રી નેમિનાથ ભગવાન |
| ૨૨ | અંતરીક્ષ પાર્શ્વનાથ જિનમંદિર | ૨૦૨૬ ફાગણ સુદ ૨ | ,, પાર્શ્વનાથ ,, |
| ૨૩ | ભાવનગર જિનમંદિર | ૨૦૨૬ વૈશાખ સુદ ૩ | ,, સીમંધર ,, |
| ૨૪ | ઘાટકોપર (સર્વોદય હોસ્પિટલ જિનમંદિર મુંબઈ) | ૨૦૨૮ ફાગણ વદ ૩ | શ્રી આદિનાથ ભગવાન |
| ૨૫ | ફત્તેપુર સમવસરણ | ૨૦૨૮ વૈશાખ સુદ ૩ | ,, સીમંધર ,, |
| ૨૬ | સોનગઢ શ્રી મહાવીર-કુંદકુંદ પરમાગમ મંદિર | ૨૦૩૦ ફાગણ સુદ ૧૩ | શ્રી મહાવીર ભગવાન |
| ૨૭ | ભોપાલ (પીપલાની) જિનમંદિર | ૨૦૩૧ મહા વદ ૩ | ,, |
| ૨૮ | બેંગલોર જિનમંદિર અને સમવસરણ | ૨૦૩૧ ચૈત્ર સુદ ૧૩ | ,, <br> ,, સીમંધર ભગવાન |
| ૨૯ | વઢવાણ જિનમંદિર | ૨૦૩૨ ફાગણ સુદ ૮ | ,, વર્ધમાન ,, |
| ૩૦ | મદ્રાસ ,, | ૨૦૩૪ ફાગણ સુદ ૩ | ,, મહાવીર ,, |
| ૩૧ | કુરાવડ ,, | ૨૦૩૪ વૈશાખ સુદ ૧૦ | ,, સીમંધર ,, |
| ૩૨ | નાયરોબી ,, | ૨૦૩૬ મહા સુદ ૨ | ,, મહાવીર ,, |
| ૩૩ | વડોદરા ,, | ૨૦૩૬ ફાગણ સુદ ૧૩ | ,, આદિનાથ ,, |

* ઇંદ્રિયોને જીતવી એટલે કે અતીન્દ્રિયસ્વભાવને જાણવો. તો, અતીન્દ્રિય-સ્વભાવને જાણતાં ઇન્દ્રિય તરફનો કયો ભાવ છૂટયા વિનાનો રહે છે? કોઈ નહીં, માટે ઇન્દ્રિયોમાં બધુંય—દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયો લઈ લીધા છે.
* શંકર (કલ્યાણ) સ્વરૂપ આત્માથી વિરુદ્ધ રાગાદિ સાથે એકતાબુદ્ધિ તે સંકરદોષ છે.
* રાગના અભાવરૂપ એટલે કે સ્વભાવના ભાવરૂપ થવું તે પ્રત્યાખ્યાન છે.
* સંત તેને કહેવાય કે જેને ભવના આવ્યા છે અંત.

(—પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી)

સત્યધર્મ પ્રસારક
પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના શુભ હસ્તે થયેલી

## ❋ વેદી-પ્રતિષ્ઠાઓ ❋

| ક્રમ | સ્થળ | મંગળ પ્રતિષ્ઠા-દિવસ (ગુજરાતી તિથિ પ્રમાણે) | મૂળ નાયક ભગવાન |
|---|---|---|---|
| ૧ | વઢવાણ જિનમંદિર | ૨૦૧૦ ચૈત્ર વદ ૮ | શ્રી સીમંધર ભગવાન |
| ૨ | સુરેન્દ્રનગર ,, | ૨૦૧૦ વૈશાખ સુદ ૩ | ,, શાંતિનાથ ,, |
| ૩ | રાણપુર ,, | ૨૦૧૦ વૈશાખ સુદ ૧૩ | ,, મહાવીર ,, |
| ૪ | બોટાદ ,, | ૨૦૧૦ વૈશાખ વદ ૮ | ,, શ્રેયાંસનાથ ,, |
| ૫ | ઉમરાળા ,, | ૨૦૧૦ જેઠ સુદ ૫ | ,, સીમંધર ,, |
| ૬ | સોનગઢ જિનમંદિર (નૂતન) ૬૮ ફુટ ઊંચું | ૨૦૧૩ કારતક સુદ ૧૨ | ,, નેમિનાથ ,, (ઉપરમાં પુનઃ) |
| ૭ | પાલેજ જિનમંદિર | ૨૦૧૩ માગસર સુદ ૧૧ | ,, અનંતનાથ ,, |
| ૮ | ખેરાગઢ ,, | ૨૦૧૫ ચૈત્ર સુદ ૧ | ,, શાંતિનાથ ,, |
| ૯ | વડિયા ,, | ૨૦૧૬ મહા સુદ ૬ | ,, નેમિનાથ ,, |
| ૧૦ | જેતપુર ,, | ૨૦૧૬ મહા સુદ ૧૧ | ,, શ્રેયાંસનાથ ,, |
| ૧૧ | ગોંડલ ,, | ૨૦૧૬ મહા સુદ ૧૫ | ,, શાંતિનાથ ,, |
| ૧૨ | સાવરકુંડલા ,, | ૨૦૧૭ ફાગણ સુદ ૧૨ | ,, ,, ,, |
| ૧૩ | દહેગામ ,, | ૨૦૧૯ વૈશાખ વદ ૮ | ,, મહાવીર ,, |
| ૧૪ | ભોપાલ ,, | ૨૦૧૯ જેઠ સુદ ૫ | ,, ,, ,, |
| ૧૫ | રખિયાલ ,, | ૨૦૨૦ ફાગણ વદ ૩ | ,, નેમિનાથ ,, |
| ૧૬ | બોટાદ ,, (ઉપરમાં) | ૨૦૨૦ ચૈત્ર સુદ ૮ | — |
| ૧૭ | ઉજ્જૈન ,, | ૨૦૨૧ મહા વદ ૬ | ,, સીમંધર ,, |
| ૧૮ | ભોપાલ (તાત્યાટોપે નગર) | ૨૦૨૧ — | ,, આદિનાથ ,, |
| ૧૯ | જસદણ જિનમંદિર | ૨૦૨૩ પોષ વદ ૮ | ,, મહાવીર ,, |
| ૨૦ | જયપુર ,, | ૨૦૨૩ ફાગણ સુદ ૨ | ,, સીમંધર ,, |

| ક્રમ | સ્થળ | મંગળ પ્રતિષ્ઠા-દિવસ | | | મૂળનાયક ભગવાન | |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | ઉદયપુર જિનમંદિર | ૨૦૨૩ ચૈત્ર | વદ | ૮ | શ્રી ચંદ્રપ્રભુ | ભગવાન |
| ૨૨ | ઈંદોર ,, | ૨૦૨૫ વૈશાખ | વદ | ૫ | — | |
| ૨૩ | મક્ષી (પાર્શ્વનાથ) ,, | ૨૦૨૫ વૈશાખ | વદ | ૭ | શ્રી પાર્શ્વનાથ | ભગવાન |
| ૨૪ | જલગાંવ જિનમંદિર | ૨૦૨૬ ફાગણ | સુદ | ૬ | ,, આદિનાથ | ,, |
| ૨૫ | કાનાતળાવ ,, | ૨૦૨૬ ચૈત્ર | વદ | ૧૧ | ,, ધર્મનાથ | ,, |
| ૨૬ | અમરેલી ,, | ૨૦૨૮ ફાગણ | સુદ | ૫ | ,, શાંતિનાથ | ,, |
| ૨૭ | રામપુરા ,, | ૨૦૨૮ વૈશાખ | સુદ | ૫ | ,, આદિનાથ | ,, |
| ૨૮ | બામણવાડા ,, | ૨૦૨૮ વૈશાખ | સુદ | ૬ | ,, ,, | ,, |
| ૨૯ | જાંબૂડી ,, | ૨૦૩૦ કારતક | સુદ | ૧૩ | — | |
| ૩૦ | ગઢડા ,, | ૨૦૩૦ વૈશાખ | વદ | ૭ | શ્રી પાર્શ્વનાથ | ભગવાન |
| ૩૧ | જુનાગઢ માનસ્થંભ | ૨૦૩૧ મહા | સુદ | ૫ | ,, નેમિનાથ | ,, |
| ૩૨ | ખુરઈ માનસ્થંભ | ૨૦૩૧ મહા | વદ | ૭ | ,, આદિનાથ | ,, |
| ૩૩ | સનાવદ સમવસરણ | ૨૦૩૧ મહા | વદ | ૧૧ | ,, સીમંધર | ,, |

**પૂજ્ય ગુરુદેવે આપેલા મંત્રો:—**

૧. શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.

૨. ધ્રુવધામના—ધ્યેયના—ધ્યાનની ધખતી ધૂણી ધગશ ને ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.
—ભાવનગર, તા. ૨૮–૨–૭૭.

૩. ચૈતન્યધાતુને ધરનાર ધ્રુવ ધણીનો ધુની, ધૈર્યવાન, ધર્મધ્યાની ધર્મી ધન્ય છે —ભાવનગર, તા. ૨૮–૨–૭૭

૪. સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ—મુંબઈ, તા. ૧૯–૧૧–૮૦

જન્મ-મરણના નાશક

# પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની જન્મ-જયંતી

**જન્મધામ : ઉમરાળા (સૌરાષ્ટ્ર)**

[ જન્મતિથિ : ૧૯૪૬ વૈશાખ સુદ ૨, રવિવાર ]

| જન્મ-જયંતી | વિક્રમ સંવત | સ્થળ | વિશેષતા |
|---|---|---|---|
| ૫૯ | ૨૦૦૪ | સોનગઢ | |
| ૬૦ | ૫ | રાજકોટ | |
| ૬૧ | ૬ | સોનગઢ | |
| ૬૨ | ૭ | ,, | |
| ૬૩ | ૮ | ,, | |
| ૬૪ | ૯ | ,, | |
| ૬૫ | ૧૦ | સુરેન્દ્રનગર | |
| ૬૬ | ૧૧ | સોનગઢ | જિનમંદિર વિસ્તૃત કરવાની જાહેરાત. |
| ૬૭ | ૧૨ | ,, | |
| ૬૮ | ૧૩ | અમદાવાદ | |
| ૬૯ | ૧૪ | સુરેન્દ્રનગર | |
| ૭૦ | ૧૫ | ફત્તેપુર | |
| ૭૧ | ૧૬ | ઉમરાળા | |
| ૭૨ | ૧૭ | સોનગઢ | |
| ૭૩ | ૧૮ | રાજકોટ | |
| ૭૪ | ૧૯ | લાઠી | જિનમંદિર ઉપર નવું શિખર થયું. |
| ૭૫ | ૨૦ | મુંબઈ | 'હીરકજયંતિ મહોત્સવ' તરીકે ઉજવાયો. લાલબહાદુર શાસ્ત્રીના હાથે અભિનંદન ગ્રંથ વૈશાખ સુદ ત્રીજે અર્પણ થયો. |
| ૭૬ | ૨૧ | રાજકોટ | |
| ૭૭ | ૨૨ | સોનગઢ | 'સિદ્ધચક્ર મંડલ વિધાન' પૂજા થઈ હતી. |
| ૭૮ | ૨૩ | બોટાદ | |
| ૭૯ | ૨૪ | વિંછીયા | |
| ૮૦ | ૨૫ | મુંબઈ | 'રત્નચિંતામણી મહોત્સવ' તરીકે ઉજવાયો. 'પરમાગમ મંદિર' બનાવવાનું નક્કી થયું. |
| ૮૧ | ૨૬ | ભાવનગર | |

| જન્મ-જયંતી | વિક્રમ સંવત | સ્થળ | વિશેષતા |
|---|---|---|---|
| ૮૨ | ૨૦૨૭ | પોરબંદર | |
| ૮૩ | ૨૮ | ફત્તેપુર | |
| ૮૪ | ૨૯ | કલકત્તા | |
| ૮૫ | ૩૦ | મુંબઈ | |
| ૮૬ | ૩૧ | અમદાવાદ | |
| ૮૭ | ૩૨ | દાદર ( મુંબઈ ) | |
| ૮૮ | ૩૩ | જામનગર | |
| ૮૯ | ૩૪ | ઘાટકોપર ( મુંબઈ ) | |
| ૯૦ | ૩૫ | મુંબઈ | પૂ. ગુરુદેવના પરમાગમો ઉપર થયેલા પ્રવચનો પ્રકાશિત કરવાનું નક્કી થયું. |
| ૯૧ | ૩૬ | મલાડ ( મુંબઈ )—પ્રવચન રત્નાકર ભા—૧ પ્રકાશિત થયો. | |

* ભગવાન! તારામાં ખાનદાન વસ્તુ પડી છે, નિધાન પડ્યું છે. તેને મૂકીને રાગના વ્યભિચારે ચડયો છો, તો તે શું તેને શોભે છે? હવે આનાથી વધારે સંતો શું કહે? શું લાકડી મારે?
* તારી પર્યાયના ક્રમમાં નિર્મળતા આવવાની છે તેમ અમે જોઈ રહ્યા છીએ. માટે, સતત—આંતરો પાડ્યા વિના—પ્રયત્ન કર....અંદરમાં જા—ભવથી મુક્ત થવા આ ભવ મળ્યો છે.
* વસ્તુસ્વભાવમાત્ર છે તેમ દૃષ્ટિ થતાં, સ્વભાવનું જ પરિણમન થાય છે પણ વિભાવનું નહિ.
* ભગવાન! તારી આસ્રવથી જાત, નાત અને ભાત જુદી છે.
* જેમ માટી, ઘટાને કરે છે....
—તેમ જ્ઞાની શુદ્ધપર્યાયને કરે છે ને પુદ્ગલકર્મ રાગને કરે છે.
—તેમ અજ્ઞાની રાગને કરે છે ને પુદ્ગલ જડકર્મને કરે છે.
* કરાયેલું કર્મ હોય તો બંધન થાય—ને જાણેલું કર્મ હોય તો બંધન ન થાય.
* શુદ્ધનયનો ત્યાગ ને વ્યવહારનું ગ્રહણ થતાં બંધન છે ને શુદ્ધનયનું ગ્રહણ ને વ્યવહારનો ત્યાગ થતાં અબંધ છે.
* જાણનક્રિયા પોતાનું સ્વરૂપ છે કારણ કે તેનાથી આત્મા જણાય છે. માટે આત્મા તેને આધારે કહેલો છે. [—પૂ. ગુરુદેવશ્રી ]

## સુવર્ણપુરીમાં....

૧. શ્રી જૈન સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ થયું હતું. અને તે જ દિવસે ભગવતીમાતા પૂ. બહેનશ્રી ચંપાબહેનના મંગલ હસ્તે શ્રી સમયસારજીની પુનિત સ્થાપના થઈ હતી. (ઉદ્‌ઘાટન શ્રી નાનચંદભાઈ ખારાના હસ્તે થયું હતું.)

૨. શ્રી જૈન સ્વાધ્યાય મંદિરમાં ૐની સ્થાપના ૧૯૯૫ના ફાગણ વદ એકમે થઈ હતી. (શ્રી વજુભાઈ શાહ તરફથી આ સ્થાપના થઈ હતી.)

૩. શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરની પ્રતિષ્ઠા ૧૯૯૭ના ફાગણ સુદ ૨ના દિવસે થઈ હતી. (જિનમંદિર જસાણી પરિવાર તરફથી બનાવવામાં આવ્યું હતું. અને તેમના તરફથી પ્રતિષ્ઠા થઈ હતી.)

૪. શ્રી જિનેન્દ્ર ધર્મસભા–સમવસરણ–માં પ્રતિષ્ઠા ૧૯૯૮ના વૈશાખ વદ ૬ના મંગલ દિને થઈ હતી. શ્રી કુંદકુંદાચાર્યની પ્રતિષ્ઠા પણ ત્યારે થઈ હતી. (પ્રતિષ્ઠા શ્રી નારણભાઈ અને ચંદુભાઈ સંઘવી તરફથી થઈ હતી.)

૫. ભાઈઓ માટે સનાતન જૈન બ્રહ્મચર્યાશ્રમનું ૧૯૯૮ના ભાદરવા સુદ પાંચમે ઉદ્‌ઘાટન થયું હતું.

૬. શ્રી સમયસારજીની મૂળ ગાથા કોતરેલ ચાંદીના ૩૧ પત્ર ૨૦૦૧ના વૈશાખ વદ આઠમે સર હુકમચંદજીના હાથે શ્રી જૈન સ્વાધ્યાયમંદિરના શાસ્ત્રજીના ગોખલામાં બિરાજમાન કર્યા (આ પત્રો શ્રી નાનાલાલભાઈ જસાણી તરફથી બનાવવામાં આવેલ)

૭. શ્રી કુંદકુંદ પ્રવચન મંડપનું ઉદ્‌ઘાટન ૨૦૦૩ના ફાગણ સુદ ત્રીજે થયું હતું. (ઉદ્‌ઘાટન સર હુકમચંદજી શેઠના હસ્તે થયું હતું.)

૮. શ્રી સનાતન જૈન કુમારિકા બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના ૨૦૦૫ના કારતક સુદ ૧૩ના દિવસે થઈ હતી.

૯. પૂજ્ય ગુરુદેવના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ (સૌથી પહેલા) ૨૦૦૭ના મહા વદ છઠ્ઠે થયું હતું. પ્રવચનસારજીની ૧૭૨ મી ગાથા ઉપરનું તે પ્રવચન હતું.

૧૦. શ્રી કુંદકુંદ શ્રાવિકાશાળાનું ઉદ્‌ઘાટન ૨૦૦૭ના મહા વદ ૧૩ના દિવસે થયું હતું.

૧૧. શ્રી ગોગીદેવી દિ. જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમનું ઉદ્‌ઘાટન ૨૦૦૮ના મહા સુદ પાંચમના રોજ થયું હતું. (શ્રી વચ્છરાજજી શેઠના હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું.)

૧૨. શ્રી માનસ્થંભજીમાં પ્રતિષ્ઠા ૨૦૦૯ના ચૈત્ર સુદ ૧૦ને દિવસે થઈ હતી. અને ત્યારે પહેલી જ વાર શ્રી સિદ્ધચક્ર વિધાન પૂજા થઈ હતી.

૧૩. શ્રી સીમંધરસ્વામીના નૂતન જિનમંદિરમાં ઉપરની વેદીમાં ૨૦૧૩ના કારતક સુદ ૧૨ના મંગલ દિવસે શ્રી નેમિનાથ ભગવાનની પુનઃ પ્રતિષ્ઠા થઈ હતી.

૧૪. શ્રી જૈન વિદ્યાર્થીગૃહના નવા મકાનનું ઉદ્ઘાટન ૨૦૧૩ના ભાદરવા સુદ ત્રીજે થયું હતું.

૧૫. શ્રી મનફૂલા સ્વાધ્યાય ભવનનું ઉદ્ઘાટન ૨૦૧૯ના ભાદરવા વદ પાંચમે થયું હતું.

૧૬. શ્રી કુંદકુંદ–કહાન દિ. જૈન સરસ્વતી ભુવનનું ઉદ્ઘાટન ૨૦૨૩ના ભાદરવા સુદ ચોથે થયું હતું. (મુ. શ્રી રામજીભાઈના ૮૪મા જન્મ દિવસે, શ્રી શાંતિપ્રસાદ સાહુના હસ્તે ઉદ્ઘાટન થયું હતું.)

૧૭. શ્રી મહાવીર-કુંદકુંદ પરમાગમ મંદિરમાં પ્રતિષ્ઠા ૨૦૩૦ના ફાગણ સુદ ૧૩ના મંગલકારી દિવસે થઈ હતી.

૧૮. પૂજ્ય શ્રી કાનજીસ્વામી વિશ્રાંતિ ગૃહનું ઉદ્ઘાટન ૨૦૩૭ના માગશર વદ ૭ મે થયું હતું.

---

* છ દ્રવ્યો જેમ જ્ઞેય અને વ્યક્ત છે તેમ તેને જાણનારું પરલક્ષી જ્ઞાન પણ જ્ઞેય છે ને વ્યક્ત છે.
* મિથ્યાત્વનો નાશ થતાં અંશે અયોગદશા પણ પ્રગટે છે.
* જ્ઞાયકભાવ શુભાશુભભાવરૂપે પરિણમે તો જડ થઈ જાય. જાણનારો જાણે કે ઇચ્છા કરે?
* નિમિત્તને આધીન થતાં થયેલો ભાવ નિમિત્તનો છે, પણ પોતાનો નથી.
* ચૈતન્ય લક્ષણથી, લક્ષ્યનું લક્ષ થાય છે. અનુભવથી સિદ્ધ થાય તે સિદ્ધાંત.
* જ્ઞાનના અભ્યાસથી ભેદજ્ઞાન થાય છે ને ભેદજ્ઞાનના અભ્યાસથી કેવળજ્ઞાન થાય છે.
* વિકાર સંયોગીભાવ છે પણ સ્વભાવભાવ નથી. માટે સંયોગ તેનો કર્તા છે પણ હું નહીં.
* અજ્ઞાની અજ્ઞાનથી રાગનો કર્તા થાય છે. રાગના નિમિત્તે બંધ થાય છે ને બંધના નિમિત્તે અજ્ઞાન થાય છે. [—પૂજ્ય ગુરુદેવશ્રી]

# ગુરુદેવ કહે છે કે........

( પરમ અદ્ભુત, જીવન ઉદ્ધારક, જન્મ-મરણરૂપી રોગથી રહિત કરવાવાળા યોગિરાજશ્રી કહાન ગુરુદેવના ઉપદેશને જીવનમાં પરિણમાવનાર પૂ. સોગાનીજીના શબ્દોમાં પૂ. ગુરુદેવનો ઉપદેશ તેમના આધ્યાત્મિક પત્રોમાંથી સંગ્રહિત કરવામાં આવ્યો છે. )

**પૂજ્ય ગુરુદેવ કહે છે કે—**

—એવા દુઃખ-સુખ ભાવોને પૂર્ણતયા એકાકારરૂપે જીવે ભોગવવા ન જોઈએ.

—જે કાંઈ લાભ છે તે તો આ વૃત્તિ જ છે, અનંત સુખોના પિંડની સાથે તે રહે છે, પછી ચિંતા શેની? એ તો સ્વયં સ્વભાવથી જ ચિંતા રહિત છે, નિશ્ચિંત વૃત્તિમાં ચિંતિત વૃત્તિનો તો અત્યંત અભાવ છે. હે ભગવાન! આપની આ વાણી મસ્તકમાં નિત્ય ઘૂમતી રહે એ જ ભાવના.

—ઇચ્છામાં સાવધાનપણું જ્ઞાનીને નથી, પોતાના સ્વભાવનું સાવધાનપણું ચૂકીને પર પદાર્થમાં સાવધાનપણું જ્ઞાની કરતો નથી.

—જ્ઞાનીને જ્યાં સ્વરૂપનિધાન પ્રગટ્યું, ત્યાં પર્યાયમાં ( શરીરમાં નહીં, પરિણામમાં ) જુવાની આવી જાય છે, નિર્ભયતા અને નિઃશંકતા થઈ જાય છે. ક્ષણે ક્ષણે અબંધ સ્વરૂપ પ્રગટ થતું જાય છે. વર્તમાન પુણ્યભાવ થાય અને એનું ફળ હજો-એવી વાંછા જ્ઞાનીને નથી!-ધન્ય છે તારો બોધ!

—મારું જ્ઞાનતત્ત્વ જ મને ગમ્ય છે. ગમે તે ક્ષેત્ર હોય પણ પોતાના જ્ઞાનમાં જ વ્યાપીને રહેવું છે. જ્ઞાની પુણ્ય-પાપ ( વિકારીભાવ ) શરીરના નિમિત્તમાં અવગાહન કરતો નથી, પણ પોતાના જ્ઞાનસ્વરૂપી ગગનમંડળમાં જ વ્યાપે છે. જોઈ ગુરુદેવની જ્ઞાનાનંદમસ્તી!

—તમે પોતે અક્રિય ચૈતન્ય ઢીમ છો. આ અગાધ સાગરનો સહજ અનુરાગ કરો. પરાશ્રિત અનુરાગ તો એકાંતે દુઃખ છે. સુખાભાસી થઈને તેના રસને લંબાવવો ઉચિત નથી. પોતે તો એકાંત સહજ જ્ઞાનસુખથી તરબોળ અને ઠાસોઠાસ ચૈતન્ય ઢીમ બનીને ઠરી જાઓ. વિકલ્પ અને નિર્વિકલ્પ જેવી પણ અવસ્થા થાય તે થવા દો.

—જ્ઞાનીને રાગાદિ ભાવો પોતાના સ્વભાવપણે ભાસતા નથી. સ્વરૂપની બહાર જ ભાસે છે. આ જ વેદન આપણને બધાને દૃઢતર થતું જાય—એ જ ભાવના.

બહુમાન વગેરેના શુભરાગનો મહિમા ન આવતાં, ઉત્કૃષ્ટ ચિદાનંદ સ્વભાવના અનુપમ મહિમાના દૃઢ નિર્ણયનું પરાક્રમ થતાં અંતર સ્વભાવમાં વલણ થાય છે.

**ગુરુદેવની કથનશૈલી તો જુઓ:**—તેઓ કહે છે કે—અશુદ્ધતા રોકાઈ જાય છે એટલે કે અશુદ્ધતા પ્રગટ જ થતી નથી તેને અશુદ્ધતાને રોકી એમ કહેવાય છે.

❀

માત્ર (ચૈતન્ય) પિંડ છું, વૃત્તિ નહીં, એવા ગુરુદેવનાં વચનો હૃદયમાં ઉતારી લીધાં છે.

❀

ગુરુદેવશ્રી યથાર્થ સમજણ ઉપર વારંવાર જોર દેતા રહે છે. કારણ કે પ્રથમ સમજમાં જ ભવિષ્યનો સમ્યક્ પુરુષાર્થ ગર્ભિત છે.

❀

ધ્રુવમાં શ્રદ્ધાની યથાર્થ વ્યાપકતાનો નિયમ શ્રી ગુરુદેવે બતાવ્યો છે તે સત્ય જ છે.

❀

જ્ઞાનાનંદીગઢ શ્રી ગુરુદેવનાં પ્રવચનોનો મુખ્ય સાર હું આ રીતે સમજ્યો છું:— હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું. વર્તમાનમાં જ દેવાદિક પર અથવા એને આશ્રિત રાગથી કિંચિત્ માત્ર લાભનું કારણ નથી. લાભ માનવો એ જ અલાભ છે. વેદન સિવાય બીજી કોઈ પણ ક્રિયા જીવની નથી. શરીરાશ્રિત અથવા અન્ય કોઈ પર આશ્રિત આકુલિત વેદનને એ જ સમયે જ્ઞાનવેદન દ્વારા ગૌણ કરતાં કરતાં નાશ કરવું એ જ મુમુક્ષુઓનું ધ્યેય હોવું જોઈએ. આ જ્ઞાનવેદન અખંડ ત્રૈકાલિક અપરિણામી ધ્રુવ અસ્તિત્વમયી સ્વ-પણાના અનુભવમાં સહજ જ ઉદય પામે છે. રાગથી ભેદ કરતું કરતું (જ્ઞાન) નિ:શંકિત, નિરાકુળ સુખવેદનની સાથે જ પ્રત્યક્ષ પ્રમાણ રૂપ પ્રગટ થાય છે. તે વૃદ્ધિ પામતું પામતું અનંત સુખ અને અનંત જ્ઞાનનો લાભ કરાવે છે. અપ્રસિદ્ધ અવેદક મુખ્ય અખંડ સ્વભાવમાં શ્રદ્ધાના સ્વ-અસ્તિત્વરૂપે ફેલાતાં જ પ્રસિદ્ધ વેદન ગૌણ બની જઈ એક જ કાળે ત્રિકાળી અને વર્તમાન બંને ભાવોનો અનુભવ થાય છે. આ જ ભેદજ્ઞાન છે. રાગથી ભિન્ન એવા જ્ઞાનનો અનુભવ એ રીતે જ થાય છે, બીજી રીતે થતો નથી.

❀

ઉત્કૃષ્ટ પુણ્યયોગથી જ્ઞાન-આનંદની ખાણ સમા અપૂર્વ સત્પુરુષ શ્રી ગુરુદેવ નિમિત્તરૂપે આપની સમીપ છે, જેમની નિરંતર ધ્વનિનો સંકેત તેમની તરફથી લક્ષ્ય હઠાવીને 'સ્વ'ની અંતરંગ ખાણનું લક્ષ્ય કરાવે છે.

❀

નિરંતર અવિચ્છિન્ન ધારાએ સ્વરૂપ-સુખમાં મગ્ન રહો. તેમાંથી ચ્યુત કરનારા વિકલ્પો, વિશેષ-વિશેષ મગ્નતા થતાં-થતાં, ઢીલા પડતા-પડતા ક્ષય પામી જશે.—એવો જ શ્રી ગુરુદેવનો અલૌકિક ઉપદેશ જયવંત વર્તો.

❀

પૂજ્ય શ્રી ગુરુદેવના ઉપદેશનો સાર અને દ્વાદશાંગનો સાર તો કેવળ એક જ છે કે પોતાના ત્રિકાળી સ્વભાવમાં ગમે તે પ્રકારે દૃષ્ટિને પ્રસારીને ઠરી જાઓ.

❀

પરમ નિર્ભિક સિંહ સ્વરૂપ એવા શ્રી ગુરુદેવ કહે છે કે, 'સ્વભાવ અંશમાં જરાયે દોષ નથી.'

❀

નિત્ય અને ક્ષણિક બંને ભાવોનો એક જ સમયે સહજ અનુભવ વર્તતો રહે એવો પરમ ઉપકારી શ્રી ગુરુદેવનો આશ્રય છે. તેથી તે અભ્યાસમાં રહો. માત્ર ક્ષણિક વેદન જ ન પ્રતિભાસો.

❀

પરમ ઉપકારી શ્રી ગુરુદેવની છત્રછાયામાં આપણે બધા મુમુક્ષુઓ પોતાના નિત્ય સ્વક્ષેત્રમાં અડગ-નિશ્ચલ રહીએ. જે (સ્વધામ)ની અપેક્ષાએ પરિણામ માત્ર-કેવલજ્ઞાનાદિ પરતત્ત્વ છે. આમ હોતાં જ નિત્ય અને ક્ષણિક બંને ભાવોનો અનુભવ પ્રત્યેક પળે એક જ સમયમાં થતો રહેશે, એવો ગુરુદેવનો અભિપ્રાય છે.

❀

આ મહિનાના ગુજરાતી 'આત્મધર્મ'માં અનુભવરસથી ભીંજાયેલી વાણી તથા પ્રસન્નમુદ્રા જોઈને દિલ નાચી ઊઠ્યું. તેમણે જણાવ્યું છે કે—

❀

"અમારો કેવળજ્ઞાનનો ધ્વજ ફરકી રહ્યો છે, કેવળજ્ઞાનનો ઝંડો ફરકાવતાં ફરકાવતાં અલ્પકાળે મોક્ષમાં જશું"—આ વચનોનો રસ વારંવાર લઈને પણ વૃત્તિ તૃપ્ત થતી નથી.

❀

જ્ઞાન રાગથી સહજ પૃથક્ થઈને, ક્ષણે ક્ષણે વૃદ્ધિગત થતાં થતાં પૂર્ણ પ્રગટ થઈ જશે—એવા પૂજ્ય ગુરુદેવશ્રીના આશયને યથાર્થ પરિણમિત કરી દેવો એ આપણા બધા મુમુક્ષુઓનું સદા સુખાનુભવી કર્તવ્ય છે.

❀

પરિણમન સહજ જેમ થતું હોય તેમ થવા દો. હે ગુરુદેવ! આપનાં આ વચનોએ અપૂર્વ નિશ્ચળતા ઉત્પન્ન કરી દીધી છે.

❀

પૂ. ગુરુદેવની અમૃતવાણીનો સાર, તેમના તરફથી દૃષ્ટિ ઉઠાવી લઈ, પલટીને પોતાની અમર્યાદિત અમૃતખાણમાં વ્યાપ્ત કરવાનો છે.

❀

ગુરુદેવની નિકટ રહેવાથી પર્યાયસ્વભાવ ઉગ્રતર રહ્યા કરતો હતો, અને સોનગઢનું સ્થળ તેમ જ ત્યાંના મુમુક્ષુઓ પ્રત્યે ઉપેક્ષા રહ્યા કરતી હતી પરંતુ હવે તો ત્યાંની ધૂળ માટે પણ બેચેની રહ્યા કરે છે.

❀

અનેકાનેક જીવોની યોગ્યતા અજ્ઞેય સુખના ઉદયની છે, તેથી તીર્થંકરથીયે અધિક એવા સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયો છે.

❀

સદ્‌ગુરુ દ્વારા પ્રાપ્ત અનુભવ વિષમતા વગેરેને સમતાભાવે વેદે અને અપ્રતિબદ્ધ સ્વભાવસન્મુખ તીવ્ર વેગ વધે એ જ સૌથી શ્રેષ્ઠ છે. મનોરથ શીઘ્ર પૂર્ણ થવાનું આ જ શુભ લક્ષણ છે.

❀

ત્યાં બધી મુમુક્ષુમંડળી શ્રી ગુરુદેવની ધર્મામૃતરૂપ વાણીનું પાન કરવામાં મગ્ન છે, એ વિચાર આવતાં જ દૂર રહેવારૂપ દુર્ભાગ્યનો ખેદ થાય છે.

❀

અનાદિ–અનંત આયુના ધારક ચૈતન્ય ગુરુદેવનો દેહ પણ દીર્ઘાયુ હો—એવી ભાવના છે.

❀

સર્વશ્રેષ્ઠ નેતા સહિત મોક્ષમંડળી સ્થાને સ્થાને વિજયનો સ્તંભ રોપવા જઈ રહી છે. આ વિચાર હૃદયને ખૂબ ઉલ્લાસમય બનાવે છે. દુર્ભાગ્યવશ મને આવા અવસરે ત્યાં નહિ રહેવાનો ખેદ વર્તે છે. આશા છે કે ગુરુદેવશ્રીનું આત્મ–સ્વાસ્થ્ય તેમ જ શારીરિક સ્વાસ્થ્ય નિરંતર વૃદ્ધિગત હો.

❀

પૂ. ગુરુદેવનાં અને સોનગઢના વાતાવરણનાં સંસ્મરણો વારંવાર ઉત્સાહને વધારતા રહે છે, પાપબંધ ઢીલો પડે છે, પુણ્ય–બંધ વૃદ્ધિ પામે છે. વિવેકમાં છે પણ એ બધાથી શું? અહો ગુરુદેવ! આપે તો આ બંનેથી અલગ વૃત્તિ દેખાડી દીધી છે કે જે આ વૃત્તિ હોવા છતાંયે વિચલિત નથી થતી. ખીલાના અહારાથી ડગતી નથી. તેને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનો પ્રતિબંધ નથી.

❀

હે પ્રભો! અહીંથી વહેલી તકે નિવૃત્ત થઈને ગુરુચરણોમાં રહેવાનું બને, જેમણે અખંડ ગુરુ પાસમાં રહેવાનું શીખવ્યું છે. એ જ વિનંતી.

—o—

# દિવ્ય પુરુષની દિવ્યવાણી

**( પ્રવચનસાગરનાં ચૈતન્યરત્નો )**

૧ પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન આવે છે પણ દ્રવ્ય આવતું નથી, અને દ્રવ્યમાં પર્યાય આવતી નથી. અને તે જ્ઞાન પણ, દ્રવ્ય છે તો થાય છે એમ નથી. પર્યાય પોતાના અસ્તિત્વમાં રહીને દ્રવ્યનું જ્ઞાન કરે છે.

૨ બંધ–મોક્ષ પ્રત્યે સમભાવ હોય એવી વીતરાગતા ક્યારે આવશે? બંધ હો કે મોક્ષ, અમે તો વીતરાગી આત્મા છીએ. અમારે તો બંધ પ્રત્યે દ્વેષ નથી અને મોક્ષ પ્રત્યે રાગ નથી....

૩ વ્યવહારને ( પર્યાયને ) નહીં સ્પર્શતો–અડતો એવો આત્મા નિશ્ચય છે...

૪ શ્રુતજ્ઞાનનો અંશ તે શુદ્ધનય છે. તે જેના આશ્રયે પ્રગટ થાય છે તેવા સ્વભાવને પણ શુદ્ધનય કહેવાય છે. અને તેનું ફળ જે કેવળજ્ઞાન છે તેને પણ શુદ્ધનય કહે છે.

૫ હું સામાન્ય–વિશેષાત્મક નહીં. પણ સામાન્યભાવરૂપ છું.—આવા આત્માને જે દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે.

૬ સ્વભાવની દૃષ્ટિ કરવા માટે 'શુભ અવસર' આવી ગયો છે. કોઈ અવસરની ખામી નથી.

૭ અંદરમાં સ્વભાવ તરફ દૃષ્ટિ જતાં, ભૂતાર્થ જ દૃષ્ટિમાં રહી જાય છે. 'આ સામાન્ય છે' કે 'ભૂતાર્થ છે' તેવો ભેદ–વિકલ્પ ત્યારે હોતો નથી.

૮ દૃષ્ટિ કરનાર પર્યાય છે. પણ જેને તે દૃષ્ટિમાં લે છે તેમાં પર્યાય નથી. પર્યાયનો વિષય પર્યાય નથી, દ્રવ્ય છે.

૯ એક સમયનો અનિત્ય અંશ સત્–સ્વતંત્ર–છે. તેને પરની અપેક્ષા નથી, તેમજ દ્રવ્યનું કારણ પણ નથી. વિકારી પર્યાય પણ જ્યાં પોતાના ષટ્ કારકથી સ્વતંત્ર છે. ત્યાં, નિર્મળ પર્યાયની તો શું વાત કરવી?

૧૦ બહિર્મુખ રહેતી પર્યાય, સ્વભાવ સન્મુખ થઈ તેને દ્રવ્ય સાથે અભેદ થઈ તેમ કહેવાય છે. ખરેખર તો પર્યાય, દ્રવ્યને અડતી નથી. ક્ષણિક સત્ ત્રિકાળને શું અડે?

૧૧ પરદ્રવ્ય, રાગને ન અડે. રાગ, નિર્મળપર્યાયને ન અડે. અને નિર્મળપર્યાય દ્રવ્યને ન અડે. બધાય સત્ અહેતુક નિરપેક્ષ છે.

૧૨ પરને સમજાવવું તે પણ દીનતા છે. અને પરથી સમજવું તે પણ દીનતા છે.

૧૩ જે ક્ષાયોપશમિક જ્ઞાન પડવાનું નથી પણ સીધુ ક્ષાયિક જ થવાનું છે તેને જોડણી-ક્ષાયિક કહે છે.

૧૪ સત્પણું ત્રણ રૂપે છે. સત્દ્રવ્ય, સત્ગુણ, સત્પર્યાય. આ ત્રણેયની વચ્ચે પ્રદેશભેદ નથી. છતાં, એકભાવ બીજાભાવરૂપ નથી એવો અતત્ભાવ-એકબીજા વચ્ચે છે.

૧૫ નયપક્ષના વિકલ્પથી આત્મા ખંડિતપણે લક્ષમાં આવે છે. પરંતુ અખંડરૂપ લક્ષમાં આવતો નથી.

૧૬ ભાઈ! તારે ધર્મ પ્રગટ કરવો છે ને? તો પ્રગટ થાય તે તો પર્યાય થઈ. હવે, શું ધર્મ પર્યાયમાં જ છે કે કોઈ દ્રવ્ય-ગુણમાં પણ છે? ભાઈ! ધર્મદ્રવ્ય, ધર્મગુણ, ધર્મપર્યાય ધર્મનો આટલો વિસ્તાર છે. આથી, દ્રવ્ય-ગુણમાં રહેલા ધર્મનો આશ્રય લેતાં, પર્યાયમાં પણ તે પ્રસરે-પ્રગટે છે. ( ધર્મ = સ્વભાવ )

૧૭ આત્મામાં પરજ્ઞેયરૂપે જણાતાં રાગાદિ, ચૈતન્યના સ્વપરપ્રકાશક સ્વભાવને પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહીં. અને તે જ્ઞાન પણ રાગ છે તો થાય છે તેમ નથી. જ્ઞાન પોતાથી પોતાના સ્વતઃ સ્વભાવથી છે.

૧૮ સમયે-સમયે જ્ઞેય સંબંધી પોતાથી થયેલા જ્ઞાનની પ્રસિદ્ધિ છે, પરંતુ જ્ઞેયની પ્રસિદ્ધિ નથી. અહા! જ્ઞાન તો જ્ઞાનને પ્રસિદ્ધ કરે જ છે. પરંતુ જ્ઞેય પણ જ્ઞાનને જાહેર કરે છે.... આ સત્ની પરાકાષ્ઠા છે.

૧૯ રાગ અને જ્ઞાનનો કાળ એક છે. તથા ક્ષેત્રથી નિકટતા છે. ( છતાં એકપણું નથી. ) તેથી, અજ્ઞાનીને અનાદિથી બન્ને એક જેવા લાગે છે, એક હોવાની ભ્રમણા-વ્યામોહ છે. જે પ્રજ્ઞા વડે જરૂર નાશ પામે છે.

૨૦ 'પોતે પોતાની દયા ન કરી' એટલે? પોતાનું અનંત ચૈતન્યજ્યોતિરૂપ જીવનું જાગતું જીવન છે તેને ન માન્યું-પરંતુ 'રાગાદિરૂપ હું છે.'-તેમ સ્વીકાર્યું તે પોતાની હિંસા છે. જેવું છે તેવું ન માનવું તે સ્વહિંસા છે.

૨૧ સુખિયા જગતમાં સંત, દુરિજન દુખિયા રે....

ચૈતન્ય ભગવાન આનંદનો નાથ છે. તેમાં નજર કરી તે સંત સુખી છે. બાકી જેણે આનંદના નાથને ગોતીને, શોધીને પ્રગટ કર્યો નથી તે બધાય દુરિજન દુઃખી છે.

૨૨ જેને પરિણમવું નથી, પર્યાયમાં આવવું નથી તેવા ધ્રુવને બાધા શી? ઉપાધિ શી?

૨૩ હું તો મારા નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છું. હું રાગમાં નથી કે પરમાં નથી. જ્યાં હું છું ત્યાં તે નથી-અને જ્યાં તે છે ત્યાં હું નથી.

૨૪ પર્યાયમાં તીવ્રમાં તીવ્ર મિથ્યાત્વ હો કે કેવળજ્ઞાન હો,—હું તો અનાદિ કાળથી એવો ને એવો જ છું.

૨૫ અભેદના અનુભવમાં ભેદ દેખાતો નથી—અને જો ભેદ દેખાય તો અભેદનો અનુભવ રહેતો નથી.

૨૬ આત્માનો સ્વભાવ ઉત્કૃષ્ટ જ્ઞાન હોવાથી તે પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છે. ( પ્રાયશ્ચિત્ત = પ્રાયઃ + ચિત = ઉત્કૃષ્ટ બોધ, જ્ઞાન. ) તેથી, તેના આશ્રયે થતી પર્યાયને નિશ્ચય પ્રાયશ્ચિત્ત કહે છે.

૨૭ ભાઈ! આ ભભકાની તો સ્મશાનમાં રાખ થવાની છે, અને તું તો અનાદિ અનંત રહેનાર છો—જો આ ભવમાં મિથ્યાત્વ—રાગને સેવ્યો હશે તો તેમાં જ અનંતકાળ રહીશ અને જો શુદ્ધાત્માને સેવ્યો તો અનંતકાળ આત્મામાં-સુખમાં-રહીશ.

૨૮ અહિંસા—રાગની ઉત્પત્તિ ન થવી તે.
સત્ય—સતસ્વરૂપી આત્માનો આશ્રય કરવો તે.
અચૌર્ય—કોઈને ગ્રહે-પકડે નહીં તેવા અચૌર્યસ્વરૂપ આત્માની દૃષ્ટિ થવી તે.
બ્રહ્મચર્ય—બ્રહ્મસ્વરૂપના આશ્રયે વર્તમાન વીતરાગી આનંદપર્યાય થાય તે.
અપરિગ્રહ—પર્યાયનો પણ જેને પરિગ્રહ નથી તેવા ત્રિકાળ અપરિગ્રહસ્વરૂપ ભગવાન આત્માનું અવલંબન લેવું તે.—આ નિશ્ચય પંચ મહાવ્રત છે ( વ્રત = સ્વભાવને વીંટાળવું. )

૨૯ ઈર્યા—સ્વભાવને જોઈને તેમાં રમવું.
ભાષા—સત્સ્વભાવની પરિણતિ થવી.
એષણા—સ્વભાવને શોધી તેમાં લીન થવું.
આદાન-નિક્ષેપ—જેને ગ્રહ્યું છે તેને છોડતો નથી અને જેને પકડયું નથી તેને ગ્રહતો નથી-તેવા સ્વભાવમાંથી નિર્મળપર્યાય લેવી અને રાગને છોડવો.
પ્રતિષ્ઠાપન—પુણ્ય કે જે ઝેર છે તેનો ત્યાગ અને વીતરાગતાની ઉત્પત્તિ.
—આ ભાવ્ય સમિતિની વ્યાખ્યા છે.

૩૦ પર્યાયની સત્તા, ગુણના કારણે નથી. પર્યાય પોતાથી સત્ છે.
પર્યાય પોતાના ક્ષેત્રમાં છે, ધ્રુવના પ્રદેશમાં તે નથી.
પર્યાય પોતાથી સૂક્ષ્મ છે, ગુણને કારણે તે સૂક્ષ્મ નથી.

૩૧ પર્યાયમાં જે જે નિર્મળતા પ્રગટે છે તે તે નિર્મળતાથી પૂર્ણ પણે પરમાત્મા ધ્રુવ બિરાજે છે-તેથી, ધ્રુવના જ આશ્રયે નિર્મળતા પ્રગટે છે.

૩૨ પ્રભુ અમ પાસે રે વિભુનો'તા વેગળા રે, સદા વસે સાહેબ અમારી સાથ;
અજ્ઞાને અવગણ્યો પ્રભુ અમ આતમા રે, તેથી સર્વશક્તિના વ્યક્તિનો નાશ.

નાવરૂપી નિર્મળ રે આતમાનું ધ્યાન, કોઈ તેના માલળીયા હોય રે સંત;
જ્ઞાની સંત કહે છે રે જે શુદ્ધાત્મ અનુભવે રે, તે જીવના ભવ દુ:ખનો આવે રે અંત.

૩૩ વીતરાગની વાણી સાંભળતા કાયર કંપી ઊઠે છે. જ્યારે વીર ઊછળી ઊઠે છે.

૩૪ સ્વભાવ અનંત આનંદનો સાગર છે. તેમાં ડૂબકી મારી આત્માને સ્નાન કરાવ.

૩૫ જેને દ્રવ્યનું યથાર્થ જ્ઞાન હોય તેને જ પર્યાયનું સાચું જ્ઞાન હોય છે, તેથી સ્વભાવના જ્ઞાનપૂર્વક જ જે કાળે જે થવાનું છે તેમ થાય છે.–તેવું જ્ઞાન સાચું કહેવાય છે. જેમાં પાંચે સમવાય સાથે જ છે.

૩૬ પરદ્રવ્યને સ્વદ્રવ્યમાં ભેળવીશ નહીં. ( પરદ્રવ્ય = પર્યાય. સ્વદ્રવ્ય = ધ્રુવ. )

૩૭ કારણદૃષ્ટિ વિશ્વાસસ્વરૂપ છે. તેનો વિશ્વાસ લાવ... વિશ્વાસ લાવ....

૩૮ પરથી ભિન્ન પાડવા, દ્રવ્ય-ગુણ-પર્યાય તે નિશ્ચય છે. જ્યારે પર્યાયથી ભિન્ન પાડવા, દ્રવ્ય-ગુણ તે નિશ્ચય છે ને પર્યાય વ્યવહાર છે.

૩૯ દ્રવ્યના આશ્રયે શુદ્ધપર્યાય પ્રગટ થાય છે. છતાં તે પર્યાયથી દ્રવ્ય દૂર છે. કારણ કે નિત્યભાવ નાશ પામતા ભાવોથી દૂર છે.

૪૦ ધ્રુવ અને પર્યાયને સર્વથા એક માનવા, દૃષ્ટિના વિષય તરીકે માનવા તે એકત્વબુદ્ધિ–મિથ્યાત્વ છે. તેને પર્યાયબુદ્ધિ કહે છે. તે દ્રવ્યબુદ્ધિ નથી.

૪૧ શુદ્ધપર્યાય અને દ્રવ્ય પ્રમાણનો એટલે કે વ્યવહારનો વિષય છે. તે પ્રમાણ પૂજ્ય નથી. કારણ કે તેમાં પર્યાયનો નિષેધ આવતો નથી. જેમાં દ્રવ્યનો આશ્રય અને પર્યાયનો નિષેધ ન આવે તે પૂજ્ય કેમ હોય?

૪૨ ધ્રુવને મુખ્ય કરી સત્યાર્થ કહી નિશ્ચય કહેવાય છે ને પર્યાયને ગૌણ કરી અસત્યાર્થ કહી વ્યવહાર કહેવાય છે. પર્યાય તો પર્યાયમાં જ છે. તેને ગૌણ કરીને વ્યવહાર કહે છે–નહીં કે ધ્રુવમાં પર્યાય છે ને તેને ગૌણ કરવી છે. ધ્રુવમાં તો પર્યાયનો સર્વથા અભાવ છે.

# સ્વપ્ના....

[ પૂજ્ય ગુરુદેવશ્રીને આવેલા મંગલકારી અર્થગર્ભિત કેટલાક સ્વપ્ના.... ]

૧. ૧૯૭૧માં વેજલકા ગામે રાત્રિના સ્વપ્ન આવ્યું હતું, જેમાં આખું આકાશ શાસ્ત્રો લખેલાં પાટિયાંઓથી ભરેલું હતું....( શું આગમ મંદિરનો સંકેત હતો ?.... )

૨. દીક્ષા લીધા પછી, એકવડિયો ઊંચા દેહવાળો અને ઝરીવાળા કપડાં પહેરેલ રાજકુમાર વારંવાર સ્વપ્નમાં આવતો. પરંતુ તે કોણ છે તે ખબર પડતી નહીં. પણ પછી જ્યારે ભગવતીમાતા પૂ. બહેનશ્રીને સાતિશય જાતિસ્મરણ થયું અને વાત થઈ ત્યારે ખબર પડી કે પોતે ( પૂ. ગુરુદેવ ) ભૂતકાળના ભવમાં ફત્તેહકુમાર નામના રાજકુમાર હતા.

૩. પૂ. ગુરુદેવશ્રીને આવેલ એક સ્વપ્ન તેમનાં જ શબ્દોમાં:—

ૐ સહજસ્વરૂપ પરમ સદ્‌ગુરુવે નમઃ

આસો સુદ–પાંચમ. રાત્રે શ્રીમદ્ ( રાજચંદ્ર ) આવી મારી પાસે બેઠા હતા. મારી સામું જોઈ રહ્યા હતા.

આસો સુદ નોમ. મંગળવારની રાતના ૧। વાગે અમૃત ચોઘડીયે ( શ્રીમદ્ રાજચંદ્ર ) મારી પાસે આવી મારા મોઢામાં પાણીની ત્રણ ચમચી અનુક્રમે નાખી. મેં તે ત્રણે ચમચીનું પાણી મોઢામાં એકઠું કરી પછી પી ગયો. તરત જાગૃત થયો.... અદ્‌ભુતતા લાગી........

૪. ૨૦૦૯ ના માગસર સુદ એકમે રાત્રિના સ્વપ્નમાં પૂ. ગુરુદેવે શ્રી સીમંધરનાથના અદ્‌ભુત દિવ્ય દેદાર દેખ્યા હતા. ( બરાબર તે દિવસે શ્રી માનસ્થંભમાં ભગવાનની બેઠકનું સ્થાપન થયું હતું. )

૫. પૂ. ગુરુદેવશ્રીને ૨૦૧૭ના જેઠ સુદ–૮ બુધવારે રાતના લગભગ ૧૦–૪૫ પહેલા આવેલું સ્વપ્નઃ– 'શ્રી કુંદકુંદાચાર્ય આવ્યા છે. સાક્ષાત્ કુંદકુંદાચાર્ય આવ્યા છે. ચાલો રે ચાલો.... બધા ત્યાં જઈએ.... દર્શન કરવા જઈએ.'—આમ બધાને ભેગા કરવાનો તથા કપડાં પહેરી તૈયાર થવાનો કોલાહલ–શોરબકોર થઈ રહ્યો છે, પૂજ્ય ગુરુદેવના અંદર આત્મામાં ઘણો જ આનંદ આવી ગયો છે. ખૂબ જ ઉલ્લાસ આવી ગયો છે. અંદરમાં રોમ–રોમ ઉલ્લસી ગયા છે. જાણે કે અંદરમાં કોઈ ચમક આવી ન હોય! કોઈ ચમત્કાર થયો હોય એવા અતિશય આહ્‌લાદ–આનંદ થયો છે. સ્વપ્નમાં વિચાર આવ્યો કે કુંદકુંદાચાર્ય અહીં કેવી રીતે! અહીં ક્યાંથી! શું લબ્ધી પ્રગટી

હશે!!! તે ઉપરથી જાણે મહાવિદેહમાં કુંદકુંદાચાર્ય પધાર્યા હોય તેં પ્રસંગનો ભાવ લાગતો હતો. પૂ. ગુરુદેવને પોતાના શરીરની ઉંચાઈ વગેરે વર્તમાન દેહ જેવું ભાસતું હતું. અને ભાવ વિદેહક્ષેત્રમાં કુંદકુંદાચાર્ય પધાર્યા હોય એવો લાગતો હતો. શ્રી કુંદકુંદાચાર્ય બહાર વનમાં છે. ત્યાં સાક્ષાત્ બિરાજે છે.... સાક્ષાત્ પધાર્યા છે. અને તેમના દર્શન કરવા જવું છે. તેનો પૂ. ગુરુદેવશ્રીને કોઈ અવર્ણનીય ખૂબ જ ઉલ્લાસ–આનંદ હતો. તે ઉલ્લાસ ને ઉલ્લાસમાં આંખ ઉઘડી ગઈ....

જેઠ સુદ નોમ ને ગુરુવારે આ સ્વપ્નાની વાત કરતાં કહ્યું કે સ્વપ્નમાં કોઈ અનેરો ઉલ્લાસ હતો. જે વનમાં કુંદકુંદાચાર્યદેવ આવ્યા હતા તે વન બહુ મોટું અને મનહર હતું. તે આ (સોનગઢ) ગામ નહોતું. પણ કોઈ મોટું નગર હતું. તે નગર વિદેહનું હતું કે અહીંનું તેનો બહુ ખ્યાલ નથી આવ્યો. તોપણ વિદેહનું હોય તેવો ભાસ થતો હતો. હાલમાં કુંદકુંદાચાર્યદેવ સંબંધી કોઈ વિચારો કે એવું કાંઈ આવ્યું નથી. આવું સ્વપ્ન અચાનક કુદરતે આવ્યું છે. આવું આનંદ–ઉલ્લાસભર્યું સ્વપ્ન પહેલા કદી નથી આવ્યું. આ સ્વપ્ન નીકટતા બતાવે છે. આ સ્વપ્ન જરૂર કાંઈક સૂચક છે.

૬ ૨૦૨૦ પોષ સુદ દસમે સ્વપ્નામાં બાહુબલી ભગવાનના દર્શન કર્યા.

૭ એકવાર સ્વપ્નમાં ઉછળતો દરિયો દેખાયેલો. પણ જેવા તેઓ શ્રી (પૂ. ગુરુદેવશ્રી) દરિયાની નજીક ગયા કે તરત જ કુદરતે તેના બે ભાગ પડી ગયા અને વચ્ચે રસ્તો થઈ ગયો....

૮ ૨૦૨૩ મહા સુદ એકમની રાત્રે સ્વપ્ન આવ્યું હતું. જેમાં ગારૂડી સર્પના દર પાસે એવી કોઈ વનસ્પતિ મૂકે છે કે સર્પ બહાર આવીને ઝેર ઓકી જાય છે....

૯ ૨૦૨૩ ના શરદપૂર્ણિમાની રાત્રે સ્વપ્નમાં ખડ્ગાસન ભગવાનના દર્શન કર્યા. સ્ફટિક જેવા સ્વચ્છ અને જાણે કે અખંડ સાકરના ગાંગડામાંથી બન્યા ન હોય? તેવા ભગવાન હતા.

૧૦ ૨૦૨૫ ની સાલમાં એકવાર સ્વપ્નમાં એવું આવ્યું કે આકાશમાંથી એક બંધ કવર પૂ. ગુરુદેવના ખોળામાં આવ્યું. તેમાં શું છે તે જોવા કવર ઉઘાડે છે ત્યાં તો આંખ ઉઘડી ગઈ.... (જાણે કે ભગવાનનો કોઈ દિવ્ય સંદેશ ન હોય!)

૧૧ તા. ૮–૧–૭૯ ના રોજ 'જ્ઞાયકમાં બધું જ સમાય જાય છે. પરનો કર્તા નથી, રાગનો અકર્તા છે વગેરે બધા જ સિદ્ધાંતો તેમાં આવી જાય છે.—આમ સભામાં પૂ. ગુરુદેવ પ્રતિપાદન કરે છે'— તેવું સ્વપ્ન વહેલી સવારે આવ્યું.

૧૨ ૨૦૩૬ ના ફાગણ વદ ૧૩ ની પાછલી રાત્રે સુરેન્દ્રનગરમાં એવું સ્વપ્નું આવ્યું કે પૂ. ગુરુદેવશ્રી સ્વાધ્યાયમંદિરના શ્રી સમયસારજીના ગોખલા આગળ ઊભા છે અને

તેમાંથી અવાજ આવ્યો કે 'જિનવાણી જયવંત વર્તો.... જિનવાણી જયવંત વર્તો.... જિનવાણી જયવંત વર્તો.'

૧૩ મહાવિદેહનું સમવસરણ અહીં આવે તો....?—તેવો ભાવ તા. ૨૩-૩-૮૦ ના રોજ આવ્યો. અહા! મહાવિદેહ યાદ આવતા રોમ-રોમ ખડા થઈ જાય છે, આંખમાં આંસુ આવે છે. અહા! કુંદકુંદાચાર્યનો સદેહે ત્યાં ગયા હતા. પરંતુ અમે.... (તો જઈ શકતા નથી.) અને ભરતનો માનવી ત્યાં ગયો હતો. પણ શું ત્યાંથી કોઈ અહીં આવે?

૧૪ ગુણવંતા જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.... આમ પૂ. ગુરુદેવશ્રી ઘણી વાર કહેતા હતા. તે ઉપરથી એકવાર સ્વપ્નમાં આવ્યું કે ગુણવંતા **પરમાત્મા** અમૃત વરસ્યા રે પંચમકાળમાં....

## * મહાપુરુષના કોમળ હૃદયની ઉદાર વાત્સલ્યતાનો પ્રેરક પ્રસંગ *

એક ત્યાગી, વ્રતી, વિદ્વાન લેખક વ્યક્તિને અધ્યાત્મતત્ત્વની સત્યતા નહીં બેસવાથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવી રહેલા અધ્યાત્મતત્ત્વનો અનેક વર્ષો સુધી ખૂબ જ વિરોધ કરતા હતા. એક વખત પોતે કરેલા વિરોધનો પશ્ચાત્તાપ થતાં રડતાં હૃદયે આંખોમાંથી વહેતાં આંસુઓથી હાથ જોડી પૂજ્ય ગુરુદેવ સમક્ષ અને મુમુક્ષુઓની હાજરીમાં માફી માંગી રહ્યા હતા, ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ વાત્સલ્યતા સહિત મધુરતાથી આશ્વાસન આપતા કહ્યું કે ઈ વાત જ ભૂલી જવી, અમારે ઈ સાંભળવું નથી, સત્યની સ્વીકારતા થઈએ જ અમે જોઈએ છીએ. એ પ્રસંગને રાત્રિ ચર્ચામાં યાદ કરી પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું કે એ માફી માંગતા હતા ત્યારે મને તો શરમ થતી હતી.

અહા! મહાપુરુષના હૃદયની કોમળતા ને ઉદારતાના વાત્સલ્યમય આવા અનેક પ્રસંગો આપણને સૌને મહાભાગ્યે જોવા, જાણવા ને સાંભળવા મળેલ છે. તેને આપણા હૃદયમાં વણી લેવા એ જ પૂજ્ય ગુરુદેવશ્રીની સમીપતાનું સાર્થકપણું છે. (આત્મધર્મમાંથી....)

# * એક જ.... *

૧ એક જ ધ્યેય છે—ધ્રુવધામ આત્મા. તે એકનું જ ધ્યાન ધરવું.
૨ એક જ જ્ઞેય છે—જ્ઞાનસ્વરૂપી આત્મા. તે એકનું જ જ્ઞાન કરવું.
૩ એક જ લક્ષ્ય છે—આનંદસ્વભાવી આત્મા. તે એકનું જ લક્ષ કરવું.
૪ એક જ દૃશ્ય છે—સહજાનંદી આત્મા. તે એકનું જ દર્શન કરવું.
૫ એક જ શ્રદ્ધેય છે—અભેદ શુદ્ધ આત્મા. તે એકની જ શ્રદ્ધા કરવી.
૬ એક જ સાધ્ય છે—અખંડ અવિનાશી આત્મા. તે એકની જ સાધના કરવી.
૭ એક જ આરાધ્ય છે—નિજ કારણપરમાત્મા. તે એકની જ આરાધના કરવી.
૮ એક જ આદરવા યોગ્ય છે—ચૈતન્યશીલ આત્મા. તે એકનો જ આદર કરવો.
૯ એક જ રમણતા કરવા યોગ્ય છે—અકષાયી આત્મા. તે એકમાં જ રમણતા કરવી.
૧૦ એક જ લીનતા કરવા યોગ્ય છે—સુખકંદ આત્મા. તે એકમાં જ લીનતા કરવી.
૧૧ એક જ એકાગ્રતા કરવા યોગ્ય છે—જ્ઞાનસાગર આત્મા. તે એકમાં જ એકાગ્રતા કરવી.
૧૨ એક જ વંદન કરવા યોગ્ય છે—દેવાધિદેવ નિજ આત્મા. તે એકનું જ વંદન કરવું.
૧૩ એક જ મંગલ છે—પવિત્રતાની મૂર્તિ આત્મા. તે એકમાં જ નિવાસ કરવો.
૧૪ એક જ ઉત્તમ છે—સકલ નિરાવરણ આત્મા. તે એકને જ પ્રાપ્ત કરવો.
૧૫ એક જ શરણ છે—પ્રભુત્વશક્તિને ધરનાર આત્મા. તે એકનું જ શરણ લેવું.
૧૬ એક જ પક્ષ કરવા યોગ્ય છે—નયાતિક્રાંત પ્રભુ આત્મા. તે એકનો જ પક્ષ કરવો.
૧૭ એક જ પ્રતીતિ કરવા યોગ્ય છે—નિર્મળાનંદ ભગવાન આત્મા. તે એકની જ પ્રતીતિ કરવી.
૧૮ એક જ રુચિ કરવા યોગ્ય છે—વિજ્ઞાનઘન ભગવાન આત્મા. તે એકની જ રુચિ કરવી.
૧૯ એક જ પ્રેમ કરવા યોગ્ય છે—અનુપમ શાંતિસ્વરૂપ આત્મા. તે એકનો જ પ્રેમ કરવો.
૨૦ એક જ અનુભવ કરવા યોગ્ય છે—જ્ઞાનપુંજ વિભુ આત્મા. તે એકનો જ અનુભવ કરવો.
૨૧ એક જ મનન કરવા યોગ્ય છે—ગુણનું ગોદામ આત્મા. તે એકનું જ મનન કરવું.
૨૨ એક જ ચિંતવન કરવા યોગ્ય છે—શક્તિનું સંગ્રહાલય આત્મા. તે એકનું જ ચિંતવન કરવું.
૨૩ એક જ મંથન કરવા યોગ્ય છે—સ્વભાવનો સાગર આત્મા. તે એકનું જ મંથન કરવું.
૨૪ એક જ સ્વાધ્યાય કરવા યોગ્ય છે—ઈશ્વર શક્તિનો ભંડાર આત્મા. તે એકનો જ સ્વાધ્યાય કરવો.
૨૫ એક જ અભ્યાસ કરવા યોગ્ય છે—કારણસમયસાર આત્મા. તે એકનો જ અભ્યાસ કરવો.

* * *

# સૂરજ ડૂબી ગયો

આજ મારો સૂરજ ડૂબી ગયો (૨) અકળામણ અંધારાની અમને
અચાનક ઓઝલ થયો........ આજ મારો.

ઉજમબા આંગણ ઉદય તારો, ક્રિયાકાંડે હતો સમાજ ખારો,
મોતીચંદ મોતી પ્રકાશ્યું (૨) અજવાળા દેતો ગયો........ આજ મારો.
જંગલમાં મંગલ સોનગઢે ધખી ધૂણી ધ્રુવરાજની,
મડદાને બેઠા કરી થાબડનાર (૨) જાદૂગર દૂર થયો........ આજ મારો.

ભક્ત બનવા અમે ગ્યાતા, તું ભગવાન બનાવીને ગ્યો,
ખુમાણી ખણકે અમ હૈયામાં તોય આંસુ પડાવી ગ્યો........ આજ મારો.
વેલો સૂર્યાસ્ત શિયાળે થતો એની યાદ તું દેતો ગ્યો,
કેવો આથમ્યો મારો કહાન સૂરજ કે પાછો નવ એ ઊગ્યો........ આજ મારો.

રુદન કરી તારું નામ નહીં બોળું પણ મુંઝારો વધી ગ્યો,
"કમલ" કોને ખોળે માથું મૂકશું? હું તો મુંજાઈ ગયો........ આજ મારો.

—'કમલ' રમેશ પી. શાહ

---

* વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અમે તારા દેવ નથી. પણ તું જ તારો દેવ છો.
* અખંડ જ્ઞાનસ્વરૂપને જે જાણે છે તેને, ખંડ–ખંડ જ્ઞાનનો પણ પરિગ્રહ કેમ હોય?
* સ્વથી અત્યંત આલંબિત ને પરથી અત્યંત નિરાલંબ થા.
* ચૈતન્યસૂર્યના પ્રકાશમાં અંધકારમય રાગનો આદર કેમ હોય? જ્ઞાનસ્વરૂપનું જેને જ્ઞાન છે તે જ્ઞાની છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી.

કહાનગુરુ મળીયા, ભવ ફેરા ટળીયા,
અમે પાર કર્યાં ભવ સાગરીયા .... ( ૨ )

અમે સંસારી શાંતિ શોધતાં,
દુઃખ દરિયામાં ડોલતા;
ભવસાગરમાં સુખ ના મળીયા,
ગુરુદેવ મળ્યા હવે મનગમતા....( ૨ )

ગુરુએ જાપ જપાવ્યા આત્માના,
અમને જ્ઞાન દીધા ભવ તરવાના;
કુંદ-કહાન મળ્યા ચંપા માત દીઠા,
હવે જ્ઞાન દીવા દિલડે પ્રગટ્યા....( ૨ )

WITH BEST Compliments from

ECHJAY ELECTRONICS PVT. LTD.

Kanjur Village Road,
BOMBAY-400 078